# જિનાજ્ઞા

સિદ્ધાન્તમહોદધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર
ન્યાયવિશારદ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ અને તેઓશ્રીના પટ્ટધર
પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબની અધ્યાત્મવાણી પ્રસરાવતું માસિક પત્ર

વર્ષ-૧૬ 卐 વિ.સં. ૨૦૭૨ ❖ ફાગણ ❖ તારીખ : ૧-૪-૨૦૧૬ ❖ અંક-૫


## જિંદગીમાં કેટલું કમાયા રે ?

**સંઘહિતચિંતક પૂજ્ય આચાર્ય**
**શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

માનવ અવતાર એ અઢળક આત્મસંપત્તિ કમાતા જવાનો અપૂર્વ અવસર છે, તો એ લહાવો શા માટે ન લઈ લેવો ? પરંતુ આ માટે પ્રત્યેક પ્રવૃત્તિ કે પ્રસંગમાં પાકું લક્ષ જોઈએ કે આમાંથી આત્મસંપત્તિ હું કમાઈ રહ્યો છું ને ? આત્મામાં

માણસ જડવાસનાની અસર હેઠળ દરેક બાબતમાં આ જોઈ રહ્યો છે કે આમાંથી લાભ થઈ રહ્યો છે ને ? દા.ત. સ્નાન કરતાં જોયા કરે છે કે શરીર સાફ થઈ રહ્યું છે ને ? એમ કપડું ધોતાં જુએ છે કે, 'આને એક સાબુ લગાડ્યે અમુક સફાઈ આવી ? બીજી વાર સાબુ લગાડ્યે અમુક સફાઈ વધી ? ના, તો ત્રીજી વાર સાબુ લગાડીને જોવા દે કે સફાઈ વધી ?'

જો શરીર-કપડા સંબંધમાં આ લક્ષ છે, તો આત્મા સંબંધમાં શું આ લક્ષ છે કે દા.ત. 'વીતરાગ પ્રભુનાં ૨ મિનિટ દર્શન કર્યા તો મારા આત્મામાં કાંઈક સફાઈ-ઉજ્જવળતા આવી ? હવે બીજી ૨ મિનિટ દર્શન કરી ઉજ્જવળતા વધી ?' જો આ ન જોવાતું હોય તો એ દર્શને આત્મલાભ શો કર્યો ? કપડા પર સાબુ લગાવ્યે ગયો, પણ સફાઈ ન આવી તો માણસ વિચારતા ઊભો રહી જાય છે કે 'આમ કેમ ? શું કપડું ધોળું પડી ગયું છે ? કે તેલિયું છે ? ઊજળું કેમ થતું નથી ?' તો પછી આ ઉત્તમ ભવમાં આત્માના મેલ કાપી ઉજળામણ લાવવા તરફ કશું ધ્યાન નહિ રાખવાનું ? બાઈ જેમ તેમ સાબુ અને સમય બગાડે પણ કપડાં ઊજળા ન થાય તો એ ફુવડ કહેવાય છે, તો પછી અહીં જીવન પસાર થતું જાય, પુણ્ય અને પુરુષાર્થ ખરચાયે જાય છતાં આત્મામાં કશી ઊજળામણ ન આવે તો જ્ઞાનીની દૃષ્ટિએ આપણે ફુવડ-અણઘડ-બોઘડશંકર જ ગણાઈએ ને ?




સવાલ થાય આત્માની ઉજળામણ શી શી ?

જવાબ આ છે કે પહેલી ઉજળામણ દુઃખી જીવો પર વિના-સ્વાર્થ અત્યંત દયાભાવ 'ભિખારી બિચારો બહુ ભૂખ્યો છે, લાવ એને ખાવા આપું, પછી એ મારું કામ કરશે,' એમ નહિ, એ સ્વાર્થવાળી દયા થઈ. પોતાને બદલામાં કશા આવા લાભ કે યશ-માન મળવાની અપેક્ષા ન જોઈએ. દયા એટલે શુદ્ધ દયા. 'સામાનું દુઃખ મિટાવું, એનો પ્રયત્ન કરું' એટલું જ. એ ન બની શકે ત્યાં પણ કમમાં કમ જીવોનાં દુઃખ પર દિલ પીગળી જાય, 'બિચારા કેવા દુઃખી !' આમાં પછી એમ ન થાય કે 'એદી હોય એટલે દુઃખી થાય જ ને ? ભુખે મરે જ ને ? અથવા પૂર્વે એવા પાપ કરી આવ્યા તે દુઃખી થાય. એમાં આપણે શું કરીએ ?' આવા ભાવ દયાના નહિ, પણ નિષ્ઠુરતા-કઠોરતાના છે. આત્માની ઉજળામણમાં શુદ્ધ દયા જોઈએ, હૃદયની આર્દ્રતા જોઈએ, દુઃખીને જોઈ સમવેદન જોઈએ. આત્માનો આ શુભ ભાવ છે, શુભ અધ્યવસાય છે.

**શુભ અધ્યવસાય એ આત્માની ઉજ્જવળતા છે, અશુભ અધ્યવસાય એ મલિનતા છે.**

દરેક પ્રવૃત્તિમાંથી અને દરેક અનુભવાતાં પ્રસંગમાંથી આ તારવણી કાઢવી જોઈએ કે આમાંથી હું દયા વગેરેનો શુભ અધ્યવસાય કેટલો કમાયો ? ને અશુભ અધ્યવસાયથી કેટલો બચ્યો ?

સાંસારિક જીવન સ્થાવરકાય એકેન્દ્રિય જીવોના આરંભ-સમારંભથી ભરેલું હોય છે, ત્યાં તે તે પ્રસંગ યા પ્રવૃત્તિ વખતે એ

(અનુસંધાન પાના નં. ૭૦ ઉપર)

## નવપદ

**સિદ્ધાંત દિવાકર પૂજ્ય આચાર્ય**
**શ્રી વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

જીવોની બે અવસ્થા છે-સંસારની અને સિદ્ધની.

સંસારની અવસ્થામાંથી મુક્ત થએલા જીવની અવસ્થા; એ સિદ્ધ અવસ્થા છે. એમને સિદ્ધાત્મા કહેવાય છે. આવા અનંત આત્મા છે જે સંસારી અવસ્થામાંથી સિદ્ધ અવસ્થા પામ્યા છે. એમની હવે કાયમી એ અવસ્થા રહેશે. આવા સિદ્ધ ભગવંતો અનંતજ્ઞાનાદિ ગુણસંપન્ન હોય છે અને એ ગુણો પણ એમને શાશ્વત થયા છે. સંસારમાંથી મુક્ત થવાની જે પ્રક્રિયા; એ વ્યવહારધર્મ અને ભાવધર્મ છે. ભાવધર્મ એ વ્યવહારધર્મના આલંબને મળે છે, વિકસે છે અને પરાકાષ્ટાએ પહોંચે છે. જ્ઞાનાદિગુણો પણ મુખ્યતયા અને બહુધા વ્યવહાર માર્ગથી પ્રાપ્ત થાય છે અને આરાધાય છે. આ વ્યવહારનો ધર્મ માર્ગ પ્રકૃષ્ટ પુન્યશાળી પ્રકૃષ્ટ ભાવ સંપન્ન સ્થાપે તો તે મજબૂત અને લાંબાકાળ સુધી ચાલે, એને સ્વીકારનારા આરાધનારા પણ ઘણા બને.

આવા ધર્મના વ્યવહારધર્મના ભાવધર્મ પ્રધાન અને મિશ્રિતના સ્થાપક પ્રરુપક અરિહંત ભગવાન છે. તેઓ પૂર્વમાં વિશેષ કોટીના વ્યવહારધર્મને અને ભાવધર્મને આરાધીને વિશિષ્ટ કોટીના ગુણો અને પુન્યને ઉપાર્જીને પરમાત્મા થાય છે. એ પરમાત્મા જ માર્ગસ્થાપે છે. બીજા એ માર્ગ સ્થાપી શકતા નથી-એમનામાં એવુ પ્રકૃષ્ટ પુન્ય નથી હોતુ-વ્યવહારમાં જે વિશેષ પુન્યશાળી દેવેન્દ્રો વગેરે કાયમ અવશ્ય પરમાત્માના ઉપાસક સેવક હોય છે. પરમાત્માના અતિશયો પણ પુન્યના પ્રતાપે હોય છે. માટે અરિહંત પરમાત્મા વ્યવહારથી પણ વિશ્વવંદનીય ઉપાસ્ય રુપે પ્રથમ છે. શ્રી સિદ્ધભગવંતો પરમાત્માને પણ વંદનીય. પરમાત્મા અરિહંત પ્રભુને પણ વંદનીય છે છતાં પુન્યના વ્યવહારથી, મુક્ત હોવાથી વ્યવહારમાં પુન્ય અને ગુણોના કારણે પ્રથમ અરિહંત ઉપાસ્ય છે અને પછી ગુણથી પરિપૂર્ણ શ્રી સિદ્ધભગવંતો ઉપાસ્યરુપે વ્યવહારથી બીજા સ્થાને છે. શ્રી અરિહંત પ્રભુ વ્યવહાર ધર્મ સ્થાપે છે, આપે છે, પ્રરુપે છે. છદ્મસ્થ જીવો માટે ધર્મની આરાધના એમાં પ્રયત્ન વ્યવહારથી અને ભાવથી છદ્મસ્થ જીવોને કરવાનો હોય છે અને એનાથી આત્માનું સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવાનું હોય છે. પ્રભુથી સ્થપાયેલ સંઘ એ વ્યવહાર અને ભાવ ધર્મી છે અને રત્નત્રયી એ ગુણો ધર્મ છે આ ચાર ગુણોના કારણે ગુણો યુક્ત હોવાથી શ્રી સંઘ એ ઉભયધર્મી છે. જ્ઞાનાદિ ચારના નામ છે : જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એમાં ચારિત્ર અને તપ એ અપેક્ષાકૃત ભેદ છે. ચારિત્રમાં તપ અવશ્ય અંતર્ભાવ છે. તપથી ચારિત્ર પ્રાપ્ત થાય છે. આ ધર્મો ક્ષાયિક ભાવના કેવળજ્ઞાની ભગવંતને હોય તેઓ જીવનમુક્ત છે છતાં સાધુવેશમાં હોવાથી વ્યવહારથી સાધુપદમાં છે. ભાવથી લગભગ સિદ્ધ જેવા. આ ૩ ગુણો જીવને ઔદયિકભાવના અને ક્ષયોપશમભાવના બે પ્રકારે છે. ઔદયિકભાવના અશુદ્ધ-દુર્ગુણ-દોષ અધર્મ કહેવાય છે, જ્યારે જીવને

(અનુસંધાન પાના નં. ૭૦ ઉપર)

(અનુસંધાન પાના નં. ૬૯ નું)

નષ્ટ-વિનષ્ટ થતા જીવો માટે મનને એમ થાય કે 'અરે ! આ બિચારા કર્મપીડિત દુખિયારા જીવો વિના અપરાધે મારાથી રેંસાઈ રહ્યા છે ! કેટલું બધું પ્રાણાન્ત દુઃખ એને !' આ એ જીવોનાં દુઃખ પર દ્રવિત હૃદયનો સમવેદનનો ભાવ એ શુભ અધ્યવસાય છે. એ થાય તો તે પ્રસંગ કે પ્રવૃત્તિમાંથી એટલી આત્માની ઉજળામણ તારવી, ઉજ્જવળતા કમાયા ગણાય.

બીજી ઉજ્જવળતા વિષયવૈરાગ્ય-ભવનિર્વેદ-મોક્ષરુચિની છે. આ પણ, જો આપણે ધારીએ તો, જીવનમાં મળતી અનુકૂળતા-પ્રતિકૂળતા વખતે તારવી શકીએ. અનુકૂળતા-પ્રતિકૂળતા વખતે આ ખ્યાલ રહે કે 'આ અનુકૂળ વિષયો જીવને રાગમૂઢ બનાવી આત્મા-પરમાત્માને ભુલાવનારા છે, માટે એ અસાર છે; વળી વિષયરાગથી મન પાપ તરફ ઢળે છે, તેથી પણ વિષયો અસાર છે. પ્રતિકૂળ વિષયો દ્વેષને પોષનારા હોઈ અસાર છે.' આ ખ્યાલ એ શુભ ભાવને પ્રેરે છે.

જીવનું ભવબંધન રાગ-દ્વેષનાં કારણે હોઈ રાગદ્વેષ પોષક વિષયો પ્રત્યે, અને ભવવાસ પુનઃ પુનઃ જન્મ-મરણની વિટંબણા ભર્યો હોઈ ભવ પ્રત્યે નિર્વેદ-વૈરાગ્યનો ભાવ રહે, અને તેથી જ ભવથી છૂટકારારૂપ મોક્ષની રુચિ રહે, એ પણ શુભ ભાવ છે, એ તારવવાનો.

આત્માની ત્રીજી ઉજ્જવળતા અરિહંત પરમાત્મા પર અથાગ અનન્ય રાગ અને એમની આજ્ઞા ઉપર અપરંપાર શ્રદ્ધા. એ આજ્ઞા જ્ઞેય, હેય અને ઉપાદેય તત્ત્વ અંગેની; એમાં જ્ઞેય તરીકે અરિહંત પ્રભુએ જે સ્વરૂપે જીવ-અજીવમય વિશ્વને બતાવ્યું એ જ ખરેખરી હકીકત તરીકે દિલમાં બેસે, તેમજ હેય તરીકે આશ્રવ અને ઉપાદેય તરીકે સંવર અને નિર્જરા બતાવ્યા, એ હેય પ્રત્યે ભય-અરુચિ અને ઉપાદેય પ્રત્યે આદર-આલ્હાદનો ભાવ રહ્યા કરે. પ્રસંગ-પ્રસંગમાં આને યોગ્ય અધ્યવસાય દિલમાં સ્ફુર્યા કરે તો એટલી આત્માની ઉજળામણ તારવી ગણાય. એમ જીવનમાં સુલસા-ચંદનબાલા-શ્રેણિકની જેમ અરિહંત ભગવાન મુખ્યરૂપે યાદ આવ્યા કરે અને એમના ઉપર અનહદરાગ શ્રદ્ધા-ભક્તિ ઊભરાયા કરે, એમની આગળ બધું તુચ્છ લાગ્યા કરે. આ ભાવો થાય એટલી ઉજ્જવળતા કમાયા.

આ તો સંસારિક જીવનની વાત થઈ. બાકી ધાર્મિક પ્રવૃત્તિમાં પણ તે તે પ્રકારના શુભ અધ્યવસાયોના સ્ફુરણ અને અશુભ ભાવોના હ્રાસ અનુભવાયા કરે. દા.ત. વીતરાગના દર્શન-પૂજન-નમન-સ્મરણ કરતાં જઈએ તેમ તેમ આ ઉપયોગ રહે કે એ દરેકમાંથી તારવણીરૂપે મારા દુન્યવી રાગને ધક્કો લાગે છે ને ? અરિહંત પર રાગ-આકર્ષણ-ભક્તિ-શરણભાવ વધતો જાય છે ને ? દુન્યવી માયા તુચ્છ લાગતી જાય છે ને ? સર્વથા દોષમુક્ત ભગવાનને પામીને અંતરના વેર ઝેર ઈર્ષ્યા મદ કામ-ક્રોધ-લોભ વગેરે દોષો પર સંતાપ વધે છે ને ?

સારાંશ, સાંસારિક-ધાર્મિક બંને પ્રકારના જીવન જીવતાં કેટકેટલી આત્માની ઉજ્જવળતા કમાયે જઈએ છીએ એ દરેક પ્રસંગ અને પ્રવૃત્તિમાંથી તારવવું જોઈએ. ●

## સિદ્ધાંત દિવાકર
## એક પ્રગટ્યો તેજ સિતારો...

### ૨૫૦૦ વર્ષના ઈતિહાસમાં સહુ પ્રથમવાર !

વ્યવહારિક શિક્ષણનો ક્રમ જો ૧૨ ધોરણ અને ત્રણ કોલેજ એમ ૧૫ વર્ષનો હોય છે તો લોકોત્તર અભ્યાસ ક્રમ ૨૦ વર્ષનો હોય છે.

વિશિષ્ટ પ્રજ્ઞા અને યોગ્યતાના બળે યથાક્રમે યથાવર્ષે યથાસૂચિત આગમને ભણતો સાધુ અન્તે વીસમાં વર્ષે સમગ્ર દૃષ્ટિવાદનું અધ્યયન કરે છે. ૧૧ અંગ અને ૧૪ પૂર્વ સહિતનું ૧૨મું અંગ સૂત્ર, અર્થ અને તદુભયથી અંગીકૃત કરે છે.

કો'ક વજસ્વામી જેવી વિરલ વિભૂતિ ત્રીજા વર્ષે ઘોડિયામાં જ શ્રવણ માત્રથી ૧૧ અંગની ધારણા કરી લે એ વાત જૂદી છે તો ગુરુ સામે ચાલીને ક્રમિક અનુક્રમમાં ફેરફાર કરીને પર્યાય સ્થવિર થાય તે પહેલાં જ શિષ્યને શ્રુતસ્થવિર બનાવી દે તે ય વાત જૂદી !

(સંયમના ૨૦ વર્ષે 'પર્યાયસ્થવિર', વિદ્યમાન શ્રુત પારગામી 'શ્રુતસ્થવિર'.)

જ્યારે સર્વશ્રુતવાચનાની અનુજ્ઞા મળે (૨૦માં વર્ષે) ત્યારે તે સાધુ 'અનુયોગાચાર્ય' કહેવાય છે. જેમને આજની પ્રચલિત ભાષા 'પંન્યાસ' કહે છે.

તો આચાર્ય પદવી ત્રણ ભેદે છે. (૧) કુલાચાર્ય, (૨) ગણાચાર્ય અને સંઘાચાર્ય.

ગણાધિપતિની હાજરીમાં આચાર્યપદધારક 'કુલાચાર્ય' કહેવાય. એટલે કે માત્ર પોતાના શિષ્ય-પ્રશિષ્ય કુલના આચાર્ય.

ગણાધિપતિ સમગ્ર કુલાચાર્યના ઉપરિ કહેવાય તો સકલ ગણાચાર્યને ગુરુ કે વડિલ તરીકે માન્ય આચાર્ય 'સંઘાચાર્ય' કહેવાય.

સાહેબ જ્યારે અનુયોગાચાર્ય હતાં ત્યારની આ વાત છે. વિ.સં. ૨૦૩૮માં ચાર અનુયોગાચાર્યોને કુલાચાર્ય પદે સ્થાપિત કરવાની અર્થાત્ ચાર પંન્યાસ પદસ્થોને આચાર્ય પદાર્પણની વાત ચાલી.

મદના કારણે પદની ખેંચાખેંચી થઈ. સમુદાયના શાંત સરોવરમાં વમળો ઊઠ્યા.

'હું આચાર્યપદ નહિં આપું તો શિષ્ય મારાથી વડીલ પાસે જઈને પદવી લઈ લેશે.' તેવો લેશમાત્ર ભય રાખ્યા વિના 'અયોગ્યને આચાર્યપદ એટલે કાગને રાજ સોંપવા જેવું' માનતાં પૂજ્ય ગુરુદેવનો શાસ્ત્રીય મર્યાદાને લક્ષમાં રાખી અધિક પદવી ન કરવાનો મક્કમ નિર્ધાર હતો તો સામે સમુદાયની એકતાનો લટકતી તલવાર જેવો પ્રશ્નાર્થચિહ્ન ખડો હતો !

સમુદાય પ્રત્યે અપૂર્વ લાગણી ધરાવતાં ભાઈલાલભાઈ જેવા પ્રૌઢ શ્રાવક વચમાં પડ્યા. ધક્કા ખાધા. અન્તે દરેક વાતે નમતું જોખવાની પ્રકૃતિવાળા ગુરુદેવ પાસે જાહેર થયેલ પદવીઓને કેન્સલ કરવાનું નક્કી કરાવ્યું.

જે પંન્યાસોના આચાર્યપદની જય બોલાઈ ગઈ હતી; પદવીના દિવસોનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું હતું. અરે ! પત્રિકાઓ છપાઈ ગઈ હતી. તે પંન્યાસોએ જગતની સામે દૃષ્ટિ નાખ્યા વિના માત્ર ગુરુદેવના વચને પદમાં વિલંબ કર્યો. તે ચારમાં એક સાહેબ પણ હતાં.

જે સમયે આપણી નિંદ હરામ થઈ જાય, રોટલી ટૂકડો ગળાની નીચે ન ઉતરે, ઉબકા આવે તે સમયના **સાહેબના ઉદ્‌ગાર જરા વાંચી તો જૂઓ:**

**''૨૫૦૦ વર્ષના ઈતિહાસમાં કદાચ પહેલ વહેલીવાર બન્યું હશે કે ગુરુદેવના એક વચને વગર આનાકાનીએ શિષ્યોએ ડિક્લેર થયેલ પદને રદ કર્યું.**

**'ગુરુદેવના શિષ્યોનું ગુરુપારતન્ત્ર્ય હજીયે દીક્ષાના પ્રથમ દિવસ જેવું જ છે.' તે પારતન્ત્ર્યની પ્રત્યક્ષ પ્રતીતિ કરાવતું આ પ્રમાણપત્ર છે.''**

જ્યારે બધી જ આચાર્યપદવી રદ થઈ ત્યારે ય બે ય પક્ષે સંમતિપૂર્વક એક પદવીની અનુજ્ઞા હતી. જેમાં નામ હતું : પંન્યાસ જયઘોષવિજયજી ગણિવર !

છતાં ય **પોતાના જીવનરથના સારથિ ગુરુદેવને બનાવ્યા પછી સાહેબનું એક જ વચન રહ્યું છે :**

'करिष्ये वचनं तव' !

: આલેખન :
પરમ પૂજ્ય મુનિશ્રી રત્નભાનુવિજયજી મહારાજ

(અનુસંધાન પાના નં. ૬૯ નું)

પ્રભુનો માર્ગ પ્રાપ્ત થાય ત્યારે એ દોષ ઓળખવાની, સુધારવાની શક્તિવાળા બને છે અને દૃષ્ટિ શુદ્ધિના કારણે જ્ઞાનાદિ ત્રણે ગુણરૂપ બને છે અને જ્ઞાનાદિમાંથી અશુદ્ધિ અજ્ઞાનતા વગેરે ઘટતું જાય છે. શાસનની ઉપાસનાથી જ્ઞાનાદિ આંશીક પ્રાપ્ત થાય છે, એની પ્રકૃષ્ટતા આચારજ્ઞાન, ભાવના દ્વારા વધતી જાય છે. અશુદ્ધિ ઘટીને શુદ્ધ થાય છે. એથી શ્રી સંઘ અને વ્યવહારિક આરાધનાઓ જ્ઞાનાદિ ગુણોની શુદ્ધિ વૃદ્ધિ દ્વારા સંપૂર્ણ પરાકાષ્ટાના અને સંપૂર્ણ નિર્મલ ત્રણે ગુણો ક્ષપક શ્રેણી દ્વારા પ્રાપ્ત થાય છે. માટે ૩ કે ૪ ગુણો ઉપાસ્ય છે અને ગુણોની ઉપાસના ગુણી દ્વારા અને ગુણના આચાર દ્વારા થાય છે માટે સિદ્ધિપદ પછી આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ત્રણ ગુણ આરાધક ગુણી પદની ઉપાસના છે અને પછી ચાર પદ ગુણોના આચાર દ્વારા ગુણપદની ઉપાસના છે.

કેવળજ્ઞાની કે પ્રભુ શાસન સંભાળતાં નથી. પ્રભુ શાસન સ્થાપે છે ગુણીરુપે. ત્રિપદી આપી ગણધરદેવો બનાવે છે. સાધુઓ-સાધ્વીઓ, શ્રાવક-શ્રાવિકાઓ બનાવે છે, થાપે છે. આ બધા છદ્મસ્થો, ગુણીવર્યો, ગુણધારકો શાસનવહન કરે છે. તેમાં મુખ્ય આચાર્ય છદ્મસ્થ છતાં શાસનરક્ષક વહન કરનાર વિશિષ્ટ જ્ઞાનાદિ ગુણ ચતુષ્કથી યુક્ત. ઉપાધ્યાય એમના ઉત્તરાધિકારી અને શ્રી સાધુસંઘમાં જ્ઞાનાદિ ગુણોથી અગ્રેસર જેવા. અને ત્રીજા જ્ઞાનાદિ ગુણોની મુખ્યરીતે ઉપાસના કરતાં ગૃહસ્વજન છોડીને સંપૂર્ણ રીતે આચાર્યશ્રીને સમર્પિત બની નિરંતર શક્તિ ફોરવી જ્ઞાનાદિ ગુણોની ઉપાસના કરે છે સાધુ-સાધ્વીઓ; એમને સંયમી કહેવાય છે. ચારેની સાધના કરનાર સાધક સાધુ. આ રીતે ૩ પદથી શાસન ચાલે છે. ચારપદરુપ શાસન છે. શ્રાવક-શ્રાવિકા ચારે ગુણોની આરાધના કરતા હોવા છતાં ગૌણ હોવાથી નવપદમાં પૃથક્ ગણ્યા નથી. ઉપલક્ષણથી ગૌણ ભાવથી સાધુ પદમાં આંશીક આવે. ચારે ગુણો પણ આરાધતાં સાધુ સાધ્વી મુખ્ય છે. શ્રાવક-શ્રાવિકા ગૌણ છે. છતાં ચારેના આરાધક છે. આ રીતે શાસન સ્થાપક તરીકે અરિહંત પદ-શાસન આરાધનાનું ફળ સિદ્ધપદ, શાસન આરાધકો-વ્યવસ્થાપકો-સંરક્ષકો શાસનમયરુપ આચાર્ય વગેરે ત્રણ પદો અને શાસનની આરાધનાના ચાર પ્રકાર-ચારગુણો એમ નવપદમાં નવ નામ પાંચ ગુણી, ચાર ગુણ એ સંપૂર્ણ શ્રી જિનશાસનનો આમાં સમાવેશ છે. આનું સ્મરણ, જાપ, પૂજા, સ્તવના વગેરે ઉપાસના છે. તપ સાથે અને તપ ન થાય તો તપ વગર પણ આ નવ દિવસમાં અને બને તો રોજ આ નવપદની ઉપાસના અતિ ઉત્તમ આરાધના છે. ●

# વૈરાગ્ય શતક

વાચનાદાતા : સિદ્ધાંત દિવાકર

**પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

**સંકલન : પરમ પૂજ્ય મુનિરાજશ્રી સત્યકાંતવિજયજી મહારાજ**

શ્રી વીતરાગ પરમાત્માનો ધર્મ હાલ-આજે વ્યવહારથી જે મળેલ છે તે ધર્મથી જીવે પ્રમાદ અને ભૌતિક વિષયોના ખેંચાણને છોડવા-તોડવા જોઈએ અને એ વિષય અને પ્રમાદને જો જીવ ઘટાડે-છોડે તો મળેલ ધર્મ સાંગોપાંગ વ્યવસ્થિત અને સંપૂર્ણ આરાધવા સમર્થ બને છે.

પ્રમાદ અને અનુકૂળતાથી અર્થાત્ વિષયકષાયોના કારણે શ્રી જિનધર્મ આરાધવો દુર્લભ છે. આ બન્નેનો નિગ્રહ કરે તો જીવ ધર્મ આરાધી શકે છે અને શ્રી જિનધર્મ આરાધે તો જીવ કાયમ માટે દુઃખરુપ આ સંસારથી મુક્ત થઈ શકે છે અને જો પ્રમાદ-વિષયને પરવશ પડે તો દુઃખમય આ સંસારમાં જીવ ભટક્યા જ કરે છે. ધર્મ પામતો નથી અને પામેલ ધર્મ પણ ગુમાવી બેસે છે.

**શ્રી જિનધર્મ આરાધ્યા વગર જીવ સંપૂર્ણ દુઃખથી મુક્ત થઈ શકતો જ નથી અને વિષય-પ્રમાદ-કષાયને જીત્યા વગર-દૂર કર્યા વગર-છોડ્યા વગર-ઘટાડ્યા વગર જિનધર્મ આરાધી શકાતો નથી.** કેમકે વિષય-કષાયથી જીવ અત્યંત ભાવિત-વાસીત હોવાથી એનો ત્યાગ-નિગ્રહ મુશ્કેલ-કઠીન બને છે. પણ અશક્ય તો નથી. એનો નિગ્રહ મુશ્કેલ છે માટે જ જિનધર્મ દુર્લભ-અતિ દુર્લભ બતાવ્યો છે.

પ્રમાદ અને વિષયના નિગ્રહમાં તત્પરને-ઉદ્યતને-ઉત્સાહવાળાને જિનધર્મ સ્વભાવથી આરાધી શકાય છે. તેના માટે સુલભ સુકર પણ કહી શકાય. શ્રી વીતરાગ પરમાત્માના ધર્મની આરાધના વગર કોઈ જીવ મોક્ષે જતો નથી. વીતરાગ પરમાત્માનો ધર્મ શ્રી જિન-સર્વજ્ઞભાષિત છે. આ ધર્મનો પાયો વૈરાગ્ય છે.

એક વૈરાગ્ય જીવનમાં કેટલાં ફેરફારો-કેવા સંસ્કારો-કેવું જીવન બનાવે છે તેનો જો વિચાર કરીએ તો વૈરાગ્ય એ અનુકૂળતાની તૃષ્ણાનો અને પ્રમાદનો નાશ કરે છે, વૈરાગ્ય એ પાપ અને દુઃખોના કારણભૂત વચન-વિચારોને પણ ફેરવે છે, વૈરાગ્ય એ પાપની પ્રવૃત્તિઓમાં અરુચિ-તિરસ્કાર ઉભો કરે છે, વૈરાગ્ય એ પાપ પ્રત્યે ભય ઉભો કરે છે, વૈરાગ્ય એ સંસારની ચીજો વ્યવહારો-વ્યક્તિઓ પ્રત્યેની મોહ-માયાનો, મમતા-સ્નેહ સંગ્રહની રુચિનો નાશ કરે છે. વૈરાગ્ય એ નિર્લેપ બનાવે છે.

વૈરાગ્ય એ જ ધર્મને વાસ્તવિક ઓળખાવે છે, વૈરાગ્ય એ દેવ-ગુરુને આંતરિક સ્વરૂપે પણ ઓળખાવે છે.

વૈરાગ્ય એ મોક્ષને સમજાવે છે, અનુભવથી દેખાડે છે, વૈરાગ્ય એ મોક્ષને મેળવવાની રુચિ-તમન્ના લાવે છે, વૈરાગ્ય એ આત્માના ગુણો-સ્વભાવશક્તિની ઝાંખી કરાવે છે.

વૈરાગ્ય એ ભૌતિક ભયોથી આત્માને મુક્ત કરી નિર્ભય બનાવે છે, વૈરાગ્યથી બાહ્ય અશુભ બધુ સુધરતું જાય છે-અટકતું જાય છે, વૈરાગ્યથી બાહ્ય અશુભ ઉપર ઉદાસીનતા અને ઉપેક્ષા આવે છે.

વૈરાગ્યથી ક્લિષ્ટ પાપબંધ થતા નથી, વૈરાગ્યથી પુણ્યબંધ સાહજિક થાય છે, વૈરાગ્યથી બધી સારી વસ્તુ ધીમે ધીમે મળતી જાય છે, વધતી જાય છે અને જીવને ભૌતિક સારી ચીજો ઉપર મમત્વ પણ થતું નથી.

વૈરાગ્ય બધા દોષોના નાશનું કારણ છે, બધા દુઃખના નાશનું કારણ છે, વૈરાગ્યની હાજરીમાં અનૌચિત્ય-અવિવેક આવી શકે નહિ-વૈરાગ્યથી ક્રમશઃ બધા ગુણો આવે છે, બધા સુખો સ્વાભાવિક આવે છે અને સાથે સુખ-સમૃદ્ધિની ઈચ્છા-તૃષ્ણા-મમતા જતી રહે છે, વૈરાગ્યથી મોક્ષ સુધી પહોંચાય છે.

વૈરાગ્યની પરાકાષ્ટા એ વીતરાગતા છે. આ વૈરાગ્ય પ્રમાદ અને વિષયનો વિરોધી-નાશક છે. સર્વજ્ઞ પરમાત્માનો ધર્મ એ જિન ધર્મ કહેવાય છે એ મોક્ષ આપનાર છે અને કાયમ માટે સંસારથી છોડાવનાર છે. મોટા ભાગના જીવો આંતરિક અને બાહ્યથી જિનધર્મ પામીને જ મોક્ષે જાય છે. તેતલી પુત્ર-૧૫૦૦ તાપસાદિ જેવા અતિ અલ્પ જીવો બાહ્યથી જિનધર્મ ન પામ્યા છતાં ભાવના-વૈરાગ્યથી જિનધર્મ પામીને અથવા બાહ્યથી ન પામવા છતાં પૂર્વભવે જિનધર્મ પામી, આરાધીને આવેલ હોય એવા જીવને બાહ્યથી ક્યારેક જિનધર્મ ન મળેલ હોય તેવા વલ્કલચીરી આદિની જેમ નિમિત્તથી ભાવના અને જાતિસ્મરણ જ્ઞાન થાય અને તેનાથી જિનધર્મની સમજ અને પ્રાપ્તિ થાય-પછી એ વ્યવહારથી પણ જિનધર્મ આરાધે. કોઈક શુભ ભાવનાથી કેવળજ્ઞાન પણ પામે.

**જિનધર્મ વ્યવહારથી પામવા માટે ક્રિયાકાંડ ઉપર અને એના કરનાર ઉપર રુચિ જોઈએ છે. આ રુચિથી સામગ્રી પ્રાપ્તિનું પુણ્ય બંધાય છે - આ રુચિ અને વ્યવહાર ધર્મ પણ દુર્લભ છે.**

ભાવધર્મ તો વૈરાગ્યપૂર્વક આચારની, વ્રત-પચ્ચક્ખાણની તીવ્ર રુચિ સાથે જીવનો જે જીવન વ્યવહાર તે ભાવપૂર્વકનો ધર્મ કહેવાય અને આંતરિક પ્રમાદ-ભૌતિક સુખ પ્રત્યે ધર્મના અંતરાયકારકત્વ તરીકેનો ભય, આ પણ ભાવધર્મ છે. દ્રવ્યધર્મ પણ દુર્લભ છે અને ભાવધર્મ તો અત્યંત દુર્લભ છે.

**દ્રવ્યધર્મ એ પુણ્ય આપે છે, આગંતુક શાંતિ આપે છે, અને યોગ્ય જીવને વૈરાગ્ય-વિવેક અને ભાવધર્મ આપે છે. દ્રવ્યધર્મ એ દ્રવ્યપાપ પ્રવૃત્તિ તાત્કાલિક અલ્પકાલીન કે દીર્ઘકાલીન ઘટાડે છે, છોડાવે છે.**

ભાવધર્મ એ આત્માના પરિણામમાં રહેલ પાપોને-પાપોના પક્ષપાતને-પાપ અને પાપના સાધનોના મમત્વને ઘટાડે છે, નાશ કરે છે.

આથી વિપરીત ભાવ અધર્મ છે, એ ભાવ અધર્મનો

નાશ કરવા માટે જ્ઞાન, ભાવના, ચિંતનની અને ક્રિયાની પણ જીવને જરૂર પડે છે.

**પ્રમાદ અને અનુકૂળતાની વિશેષ રુચિ એ જીવના ભાવધર્મને મંદ પાડે છે, મલીન કરે છે અને વ્યવહાર આચારધર્મની રુચિને ઘટાડે છે અને નાશ પણ કરે છે.**

કોઈપણ પ્રમાદ-વિષય-કષાય અને એના પ્રત્યેની કુણી લાગણી, રુચિ, આદર, મમત્વની લાગણી-એ દ્રવ્ય અને ભાવધર્મનો ઘટાડો અને નાશ કરે છે.

વિષય કષાય, પ્રમાદ વધારી દુર્ગતિની ખાણમાં જીવને ધકેલે છે; જે દુર્ગતિના દુઃખો અત્યંત દુઃસહ્ય છે. એ દુઃખો પ્રાપ્ત થયા પછી શી દશા થશે ?

જિનધર્મ દુર્લભ છે. તું પ્રમાદમાં ખેંચાયેલો છે અને સુખની પાછળ પડેલ છે. આ બન્ને=પ્રમાદ અને અનુકૂળતાઓ દુર્ગતિના અસહ્ય દુઃખો આપે છે ત્યાં તારું શું થશે ? માટે જિનધર્મ આચરવામાં-દુર્લભ એવા મળેલાં જિનધર્મને આરાધવામાં તત્પર બન. પ્રમાદ અને સુખની લંપટતા છોડ.

**રાગ-દ્વેષ; એ સંસારની રાજધાની છે. વૈરાગ્ય એ ધર્મની રાજધાની છે.** એટલે કે જેમ જેમ રાગ-દ્વેષ, મોહ, અવિવેક, અજ્ઞાન વધે તેમ તેમ જીવનો સંસાર વધે, દુઃખ વધે, અવિવેક-અનૌચિત્ય વધે, પાપસ્થાનોનો રસ વધે, દોષ વધે, ધર્મની સુઝ-બુઝ નાશ પામે.

ધર્મ પામવા માટે પ્રથમ પ્રમાદ છોડવા પડે તે માટે વ્યવહાર ધર્મ=ક્રિયામાર્ગ=તપ-ત્યાગ, વ્રત-પચ્ચક્ખાણ આચરવા પડે અને આ પ્રમાદ છૂટે તો આચાર માર્ગ જીવનમાં વ્યવસ્થિત આવે અને એને આચરવામાં અનુકૂળતાઓ જેમ જેમ છોડે તેમ ઉલ્લાસથી તે આરાધાય. કેમ કે **અનુકૂળતાની ઈચ્છા આવે એટલે આચારમાં પ્રમાદ ઉભો થાય.**

આચાર વખતે કે આગળ-પાછળ પણ અનુકૂળતાનો રસ-લાગણી-ઈચ્છાની તીવ્રતા થાય, એ આવે એટલે ક્રિયા-આચાર-તપત્યાગની રુચિ અને પ્રવૃત્તિમાં ઉત્સાહ મંદ થાય, ઓછાશ આવે.

આ મંદ ઉત્સાહ-ઓછાશ એ પ્રમાદ છે. એ લાવનાર અનુકૂળતાઓનું ખેંચાણ છે. **અનુકૂળતાઓનું ખેંચાણ એટલે ભૌતિક સુખનો રસ.** આ પ્રમાદ અને ભૌતિક સુખની ઝંખના; આ બે ચીજથી જીવ વ્યવહાર ધર્મ કરી શકતો નથી. અને કરતો હોય તો તે છુટી જાય છે. આ બે ચીજ ભાવધર્મનું પણ વિઘ્ન છે અને દ્રવ્યધર્મનું પણ વિઘ્ન છે.

દ્રવ્યધર્મથી ભ્રષ્ટ થનાર દ્રવ્યપાપ અને ભાવપાપ બન્નેમાં ખુંપે છે-પડે છે. સંસાર અને દુઃખની પરંપરા પામે છે. જ્યારે દ્રવ્યધર્મને પરાણે પણ પકડી રાખનાર કાલાંતરે સાહજિક દ્રવ્યધર્મ આરાધી શકે છે, ભાવધર્મની ઈચ્છા પામે છે, પ્રમાદની રુચિ ઘટે છે, અનુકૂળતા પ્રત્યે નફરત આવે છે, એથી દુઃખની પરંપરા નષ્ટ થતી આવે છે.

શ્રી જિનધર્મ વૈરાગ્યથી વણાએલો છે માટે વૈરાગ્ય વિનાના આત્માને શ્રી જિનધર્મ દુર્લભ છે અને વૈરાગ્યવંત આત્માને શ્રી જિનધર્મ અને એની વૃદ્ધિ અને પરાકાષ્ટા સાહજિક છે. માટે વૈરાગ્યથી વિશેષ અત્યંત ભાવિત બનવા આ વૈરાગશતક સંપૂર્ણ જીવન સુધી કંઠસ્થ-ભાવસ્થ-હૃદયસ્થ-પરિશીલનસ્થ બનાવવું.

अथिरेण थिरो समलेण, निम्मलो परवसेण साहीणो।
देहेण जइ विढप्पई, धम्मो ता किं न पज्जतं ॥९४॥

**ગાથાર્થ-અસ્થિર, મલિન અને પરાધીન દેહથી જો સ્થિર નિર્મળ અને સ્વાધીન ધર્મ ઉપાર્જન થઈ શકે છે, તો તને શું પ્રાપ્ત નથી થયું ? ॥૯૪॥**

*94. The body is mutable, Full of filth, and dependent on others. Dharma is permanent, pure and independent. Is it not sufficient, That dharma can be attained through this body ?*

અગ્નિ સર્વભક્ષક કહેવાય છે છતાં તેનો વ્યવસ્થિત ઉપયોગ કરવામાં આવે તો તેના દ્વારા રસોઈ બનાવી શકાય છે-પેટની ભૂખ ભાંગી શકાય છે.

મરચું તીખું તમતમતું ગણાય છે છતાં તેને જો પ્રમાણસર ભોજનના દ્રવ્યોમાં નાંખવામાં આવે તો ખાદ્યચીજો સ્વાદિષ્ટ બનાવી શકાય છે.

પેટ્રોલ તીવ્ર જ્વલનશીલ હોય છે છતાં ગાડી-કાર-રીક્ષાની ટાંકીમાં ભરવામાં આવે તો તેના દ્વારા વ્યક્તિ પોતાના લાંબા પણ ઈચ્છિત સ્થળે પહોંચી શકે છે.

સાગરના ખાળા કે તળાવ-સરોવરના ગંદા પાણીમાં ફટકડી આદિ ચૂર્ણ નાખવામાં આવે તો તે પીવાલાયક બની અનેકોની તૃષા છિપાવી શકે છે.

તેમ શરીર અસ્થિર છે. શરીર મેલયુક્ત છે, શરીર પરવશ છે. છતાં તેનાથી જો ધર્મ કરી લેવાય તો આપણું કામ થઈ જાય તેમ છે.

અસ્થિર એટલે કાયમી નહિ, બદલાઈ શકે, ભાંગી શકે, નાશ પણ પામી શકે.

મનુષ્ય-તિર્યંચના શરીરો-સામાન્યથી બધાના શરીરો અસ્થિર-નાશવંત છે. જે નાશવંત હોય તે નાશ પામ્યા પછી બહુધા નક્કામું હોય, જીવ મર્યા પછી જીવને તો એ શરીર કોઈ જ કામ ન લાગે, આવા નાશવંત તરીકે જો શરીરનો વિચાર કરવામાં આવે તો જીવ દુઃખમાં અકળાય નહિ, તેને શરીર પર મોહ-મૂર્છા થાય નહી, ઓછી થાય, શરીર માટે શરીર દ્વારા વિષયો માટે પાપો ન કરે.

આવા નાશવંત શરીરને નભાવવું, સંભાળવું તો પડે જ, પણ તેની આસક્તિ ન રખાય.

આ શરીરથી જો ધર્મ કરી લઈએ, વિશેષ આરાધના કરી લઈએ તો એના જેવું ઉત્તમ શું ? શું એ વ્યાજબી નથી ? અર્થાત્ શરીરથી જેટલી રીતે ધર્મ સધાય તેટલી રીતે તેટલો ધર્મ સાધી લેવો જોઈએ. આ રીતે બધી જ નાશવંત ચીજો માટે સમજવું.

ધર્મ સ્થિર છે એટલે એ પ્રાપ્ત થયા બાદ કાયમ માટે આત્મામાં રહે છે. એ ધર્મ આત્મસ્વભાવરુપ છે. કારણરુપ ધર્મો એ આત્મ સ્વભાવરુપના સાધન છે, કારણ છે. માટે એને પણ સ્થિરતાનું કારણ સમજવું. **(ક્રમશઃ)**

# જેલર

**લેખક : પરમ પૂજ્ય આચાર્યશ્રી અભયશેખરસૂરિજી મહારાજ સાહેબ**

**પ્રશ્ન : આપણી જેમ સામી વ્યક્તિને પણ પોતાના અપરાધ વગર સજા હોય જ નહીં. એટલે આપણે એને થપ્પડ મારીએ તો આપણે પણ જેલર જ છીએ ને ? ને જેલર કેદીને હંટર મારે વગેરે જે કાંઈ કરે એની એને કાંઈ સજા થતી નથી. એટલે આપણને પણ સજા નહીં થાય ને ?**

ઉત્તર : લગ્નના બીજા જ દિવસે કન્યા રીસાઈને પિયરમાં ચાલી ગઈ. માતા-પિતા વગેરેએ પૂછવા છતાં ને સ્વયં વિચારવા છતાં વરરાજા જ્યારે કશું જ કારણ પામી ન શક્યા ત્યારે વરપક્ષનો બધો રસાલો કન્યાને ત્યાં પહોંચ્યો. ખુદના માતપિતા પણ કન્યાને પૂછી રહ્યા છે : 'બેટા ! એવું તે શું બન્યું કે તું રીસાઈને પાછી ફરી ગઈ ?'

'તમારા જમાઈરાજ મને કલંકિત કહે છે' કન્યાએ આંખમાં આંસુ લાવીને કહ્યું. બધાની નજર જમાઈ તરફ. ને જમાઈને ભારે આશ્ચર્ય, મેં તને ક્યારે કલંકિત કહી ? આવું પૂછવા પર કન્યાએ પોતાની વાતનો ફોડ પાડ્યો. 'કેમ રાત્રે તમે મારી સામે જોઈને કહ્યું નહોતું કે તું ચન્દ્રમા જેવી છો.'

સૌમ્યતા-આહ્લાદકતાને જણાવવા આપેલું ચન્દ્રનું દૃષ્ટાંત કલંકિતઅંશમાં લઈ શકાય ? વાત આ છે, કોઈપણ દૃષ્ટાંત જેટલા અંશમાં અભિપ્રેત હોય એટલા જ અંશમાં લેવાનું હોય છે. સર્વાંશે લેવા જઈએ તો અર્થનો અનર્થ થઈ જાય.

પ્રસ્તુતમાં જેલરના દૃષ્ટાંત માટે પણ આવું જ છે. કોઈના તરફથી આપણને કાંઈ સહન કરવાનો પ્રસંગ આવે ત્યારે આપણે સમભાવ ચૂકી ન જઈએ એ માટે, એ ત્રાસ આપનારને જેલર સમજીને ક્રોધ, વૈરભાવથી મુક્ત રહેવાનું છે. પણ આપણે જ જ્યારે બીજાને ત્રાસ આપીએ છીએ, ત્યારે આપણે જેલર નથી, જજ છીએ. કર્મસત્તા તો જાણે કે આપણને પૂછે છે : 'મેં તને ક્યારે જજ બનાવ્યો ? એ જીવને થપ્પડ મારવાનો હુકમ મારો હોય તો તું એનું લેખિત પ્રમાણ આપ. આ તો તેં ખુદ જજ બનીને સજા કરી છે. ને સજા કરવાનો અધિકાર એકમાત્ર મારી પાસે છે. તેં એમાં દખલ કરી છે. માટે તું પણ સજાપાત્ર છે. ને તને પણ એની સજા થશે.' એટલે આપણને થપ્પડ મારનારો પણ એની પોતાની દૃષ્ટિએ તો જજ જ બની રહ્યો છે ને તેથી ભવિષ્યમાં એને પણ સજા થવાની જ છે. માત્ર આપણી સમતા માટે આપણે એને જેલર માનવાનો.

ટૂંકમાં, કોઈ આપણને હેરાન કરે છે તો એ જેલર, આપણે કોઈને હેરાન કરીએ છીએ તો આપણે જજ.

**પ્રશ્ન : આ વિચિત્ર નથી ? બીજો પ્રતિકૂળ વર્તે તો જેલર, અને આપણે પ્રતિકૂળ વર્તીએ તો જજ....**

ઉત્તર : ના, આ વિચિત્ર નથી, પણ આ જ અનેકાન્તવાદ છે. ઉપદેશમાં પ્રાયઃ સર્વત્ર આવું હોય છે. પોતા માટે જુદો અને બીજા માટે જુદો. જેમકે ઉપકાર અંગે-પોતે બીજા પર ઉપકાર કર્યો હોય તો એ ઉપકારને યાદ ન રાખવો જોઈએ, ભૂલી જવો જોઈએ. બીજાએ પોતાના પર ઉપકાર કર્યો હોય તો એ યાદ રાખવો, ક્યારેય ભૂલવો નહીં.

પોતાના સુકૃતની પ્રશંસા કરવી નહીં, બીજાના સુકૃતને પ્રશંસ્યા વિના રહેવું નહીં. આવી તો ઢગલાબંધ વાતો મળશે. એટલે નક્કી થયું કે બીજાઓ આપણા પ્રત્યે પ્રતિકૂળ વર્તન કરે તો કર્મસત્તાની કોર્ટના કર્મચારી-જેલર, આપણે બીજાઓ પ્રત્યે પ્રતિકૂળ વર્તીએ તો કર્મસત્તાની કોર્ટની કારવાહીમાં દખલગીરી કરનારા બિનનિયુક્ત જજ.

**अघटितघटितानि घटयति, सुघटितघटितानि जर्जरीकुरुते ।**
**विधिरेव तानि घटयति, यानि पुमान्नैव चिन्तयति ॥**

**અર્થ : અઘટિત ઘટનાઓને ઘડે છે ને સુઘટિત ઘટનાઓને રફેદફે કરી નાખે છે. જીવે જે સ્વપ્નમાં પણ ચિંતવ્યું ન હોય એને ભાગ્ય જ ઘડી કાઢે છે.**

## માંકડ - બિલ્લી

એક ઉંદરને એક માંકડે ચટકો ભર્યો. ઉંદર ધુંઆપુંઆ થઈ ગયો. 'હરામખોર ! બતાવી દઉં.' પણ વિચાર આવ્યો, એક કરતાં બે ભલા. કોની સહાય લઉં ? ને મનોમન નિર્ણય કરીને એ બિલાડીની સહાય લેવા ઉપડ્યો. પરિણામ ?

માંકડના ચટકાની પીડા સામે ઉંદરનું બિલાડીની સહાય લેવા જવું એ કેટલું બધું અજુગતું, મૂર્ખામીભરેલું અને કટુપરિણામવાળું લાગે છે ? જ્ઞાનીઓ કહે છે 'દુન્વયી કોઈપણ નુકશાનની પીડા સામે જીવ ક્રોધનું શરણ લે એ આના કરતાં પણ વધારે અજુગતું-મૂર્ખામી ભરેલું ને વધારે દારૂણ વિપાકવાળું છે, કારણકે ઉંદરે માત્ર પ્રાણ ખોવાના છે ને એક જ વાર મરવાનું છે, જ્યારે ક્રોધના શરણે ગયેલા જીવે, પોતાના ક્ષમામય ગુણિયલ આત્માને ગુમાવવાનો છે, ને દુર્ગતિના રવાડે ચડીને વારંવાર મરવાનું છે.

હા, દુન્વયી કોઈપણ નુકશાન એ માત્ર માંકડનો ચટકો છે. પછી ભલેને એ નુકશાન ગાળ સાંભળવાનું હોય, અપમાન વેઠવાનું હોય, જૂઠા આરોપોનો સામનો કરવાનું હોય, ચીજ-વસ્તુના બગાડનું હોય, પાંચ હજારનું હોય, પાંચ લાખનું હોય, પાંચ કરોડનું હોય કે પાંચ અબજનું હોય, થપ્પડનું હોય, દંડાના ફટકાનું હોય, હાથ-પગ ભાંગવાનું કે ઠેઠ પ્રાણ ગુમાવવાનું હોય, એ માત્ર માંકડનો ચટકો જ છે ને એની સામે ક્રોધનો ધમધમાટ કરવો એ ઉંદરે બિલાડીની સોડમાં તણાવા જેવું છે.

**પ્રશ્ન : પાંચ-પચ્ચીશ રૂપિયાના નુકશાનની સામે ગુસ્સો ન કરવો જોઈએ, લેટ-ગો કરવું જોઈએ, એ બરાબર...પણ લાખો રૂપિયાનું નુકશાન વેઠવા છતાં કે**

**હાથ-પગ કોઈ ભાંગી નાખે ત્યારે પણ ગુસ્સો ન કરવો. ગુસ્સો કરવો એ મૂર્ખામી કહેવાય. આ વાત શી રીતે બરાબર હોઈ શકે ?**

ઉત્તર : ગુસ્સો કરવો એ જીવનો અનાદિકાળનો અભ્યાસ છે. નુકશાન થવા પર જ નહીં, નુકશાન થવાની કલ્પનામાત્ર પર પણ જીવ ગુસ્સો જ કરે છે. લેટ-ગો કરવા તૈયાર જ નથી. વળી આ વાત માત્ર પોતાના પૂરતી જ સીમિત છે, એવું પણ નથી. આસપાસની આખી દુનિયામાં લગભગ આ જ જોવા મળે છે. તેથી, 'ગુસ્સો એ મૂર્ખતા છે, અકર્તવ્ય છે' આ વાત માનવા મન તૈયાર ન થાય એ સહજ છે. પણ એટલા માત્રથી એ મૂર્ખતારૂપે મટી જતો નથી.

ચપ્પલ ઘરે ભૂલી ગયેલો એક મુસાફર રસ્તેથી પસાર થઈ રહ્યો હતો. પથ્થરની જોરદાર ઠોકર લાગી. નખ ઉખડી ગયો. ભારે પીડા...પણ એ વિચારી રહ્યો છે 'સારું થયું ચપ્પલ પહેર્યા નહોતા. નહીંતર એમાં અંગુઠાનું નાકું તૂટી જાત.' બોલો આ મૂર્ખામી કહેવાય કે નહીં ?

'આ તો કહેવાય જ ને કારણકે છેવટે પગ એ પોતે છે ને ચપ્પલ પર છે.'

'બસ ! આવું જ પ્રસ્તુતમાં છે, કારણકે પૈસા કે પ્રાણ, છેવટે જીવ માટે પરાયી ચીજ છે. એક દિવસ છૂટી જ જનાર છે. જ્યારે ક્ષમા તો જીવ પોતે છે, પોતાનું જ સ્વર્ગની પરી જેવું મનમોહક સ્વરૂપ છે. પરાયી ચીજના બગાડને રોકવા જાતને બગાડી નાખવામાં-ક્ષમાપરીની નજાકતતાને ગુમાવી ક્રોધ રાક્ષસની બર્બરતાને અપનાવવામાં ડહાપણ ન જ હોય.

આ વાસ્તવિકતાને એક વિશ્વપ્રસિદ્ધ વાતથી સમજવાનો પ્રયાસ કરીએ. એ વિશ્વપ્રસિદ્ધ વાત એટલે આ ત્રણ અંગ્રેજી વાક્યો.

If wealth is lost, nothing is lost,
If health is lost, something is lost,
If Character is lost, everything is lost.

આ ત્રણ વાક્યોનો અર્થ પણ એટલો જ પ્રસિદ્ધ છે.

જો ધન ગુમાવ્યું, તો કશું જ ગુમાવ્યું નથી,
જો આરોગ્ય ગુમાવ્યું, તો કંઈક ગુમાવ્યું છે, પણ
જો સદ્‌ગુણ-સદાચારમય સચ્ચારિત્ર ગુમાવ્યું તો બધું જ ગુમાવ્યું છે.

આ વાત ઉચિત તો લાગે જ છે, પણ એની પાછળ કારણ શું ? 'ધન કરતાં આરોગ્યનું ને આરોગ્ય કરતાં સચ્ચારિત્રનું મહત્ત્વ વધારે છે' એમ કહી શકાય. પણ મહત્ત્વ પણ આ જ ક્રમમાં કેમ અધિક છે ? આ પ્રશ્નનો જવાબ મેં આવો વિચારેલો છે.

આ જગતમાં એવા ઘણા શ્રીમંતો છે જેઓએ જિંદગીમાં ઘણી આસમાની-સુલતાની જોયેલી હોય. શેરબજારના ખેલંદાઓને તો આ રોજના જેવું લાગે. કરોડપતિનો ક ડૂલ થઈ જતાં પણ વાર નહીં, ને પાછું પોતાનું સ્થાન લઈ લેતાં પણ વાર નહીં. કેટલીય સ્ક્રીપ્ટના ભાવોનો ગ્રાફ આઈસીયુમાં રહેલા હાર્ટપેશન્ટના કાર્ડિયોગ્રામને ડિટ્ટો અનુસરતો હોય. આનો મતલબ સ્પષ્ટ છે. ગયેલું ધન આ જ જનમમાં પાછું મેળવી શકાય છે. વારંવાર મેળવી શકાય છે. જે ગુમાવેલું પાછું મેળવી શકાય છે. શીઘ્ર પાછું મેળવી શકાય છે. એને ગુમાવવામાં ગુમાવ્યું શું ? રાત પડે છે ને આખી દુનિયા પ્રકાશ ગુમાવી દે છે. પણ કોઈ રોવા બેસતું નથી, કારણકે કાલે પાછો પ્રકાશ મળવાનો જ છે. માટે કહેવાય છે કે 'જો ધન ગુમાવ્યું છે તો કશું ગુમાવ્યું નથી.'

પણ આરોગ્ય એવી વસ્તુ છે જે એકવાર ગુમાવી દીધા પછી આખી જિંદગીમાં પાછું મેળવી શકાતું નથી. શરાબનો નશાબાજ પાછળથી કોઈની સત્પ્રેરણા પામીને કે અનેક પ્રકારની પાયમાલી અનુભવીને શરાબ કદાચ છોડી દે તો પણ લોહી જે આલ્કોહોલિક થઈ ગયું છે, એ પાછું નોર્મલ થઈ શકતું નથી. ગુટખા-માવામસાલાનો વ્યસની પાછળથી એ છોડી દે તો પણ જડબાનું કેન્સર મટતું નથી. જડબું કઢાવ્યે જ છૂટકો. રાક્ષસ જેવો બીભત્સ ચહેરો ચલાવ્યો જ છૂટકો.

**પ્રશ્ન : જો આમ જ છે, તો 'આરોગ્ય ગુમાવ્યું એટલે સઘળું ગુમાવ્યું' એમ જ કહેવું જોઈએ ને ?**

ઉત્તર : ના, એવું એટલા માટે નથી કહેવાતું કે ગુમાવેલું આરોગ્ય પણ પરલોકમાં તો પાછું મળી જ જાય છે. આશય એ છે કે ગમે એટલા લાંબાકાળથી ઘર કરી ગયેલો રોગ હોય કે આજીવન સભ્ય જેવો બી.પી., ડાયાબિટીસ વગેરે રોગ હોય, પરલોકમાં એક પણ રોગ સાથે ચાલતો નથી. શરીર છોડવાની સાથે જ એના બધા પ્રોબ્લેમ્સ પણ છૂટી જાય છે. ને જીવને પાછું આરોગ્ય પ્રાપ્ત થઈ જાય છે. માટે 'આરોગ્ય ગુમાવવામાં સઘળું ગુમાવ્યું' એમ નથી કહેવાતું, પણ 'કંઈક ગુમાવ્યું' એમ જ કહેવાય છે.

આમ પૈસા ગુમાવવામાં કશું જ ગુમાવવાનું નથી. અને આરોગ્ય ગુમાવવામાં તો કંઈક પણ ગુમાવવાનું છે, માટે 'પૈસા કરતાં આરોગ્ય વધારે મહત્ત્વનું છે એ પણ સમજાય છે.' એટલે જ 'પહેલું સુખ તે જાતે નર્યા' લોકોક્તિ ધનસુખ કરતાં તનસુખનો નંબર પ્રથમ જણાવે છે. પેટ ભરવા તો કોઈપણ મજુરી કરવી પડે એ સમજ્યા. પણ પટારા ભરવા માટે એવા ધંધા કરવા કે જેથી ખાવું-પીવું-ઉંઘવું બધું જ ખોરવાઈ જાય. તો એને ઈચ્છનીય કેમ મનાય ? બોમ્બેમાં બ્રેકફાસ્ટ, લખનૌમાં લંચ ને દિલ્હીમાં ડીનર...આવી ઊડાઊડ કરનારને આજનું ધનલંપટ જગત્ ભલે મોટો ઉદ્યોગપતિ કહીને માનસન્માન આપે. પણ વ્યાસમુનિએ એક સુભાષિતમાં નિત્યસેવકની સાથે આ નિત્ય પ્રવાસીને પણ મૂરખ કહ્યો છે. એમ શેરબજાર વગેરેમાં એવા આંધળુકિયા વગેરે પણ શા માટે ? કે એક જ વારની ધોબીપછાડ એવો વસમો ઘા મારી દે જેની જિંદગીભર કળ જ વળે નહીં. **(ક્રમશઃ)**

# યોગસંગ્રહ વાચનાઓ : આલોચના - વાચના તૃતીય


**વાચનાદાતા : પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

**રજુઆત : પૂજ્ય આચાર્યશ્રી અજિતશેખરસૂરિ મહારાજ સાહેબ**


**(શ્રી શ્રમણસૂત્ર કે જેના સ્થાને શ્રાવકો વંદિતુ સૂત્ર બોલે છે, એ શ્રમણસૂત્રમાં 'બત્તિસાએ જોગસંગહેહિં' પદ છે. આ બત્રીશ યોગ સંગ્રહો પર શ્રી આવશ્યક નિર્યુક્તિ વગેરે ગ્રંથોમાં સંક્ષેપ નામ સહિત વિવરણ છે. આ યોગસંગ્રહો પર પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીએ વિવિધ સ્થળો પર આપેલી વાચનાઓ વિવિધ પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતોએ નોંધી હતી. હવે પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીએ પીરસેલા એ વિવિધ મુદ્દાઓ પૂજ્ય આચાર્યશ્રી અજિતશેખરસૂરિ મહારાજ સાહેબની કલમે રજુઆત પામી રહ્યા છે... - તંત્રીશ્રી)**

છતાં ભૂલ થઈ જાય તો સરળતાથી આલોચના કરી લે છે-કહી દે છે. આલોચના પછી મળતી સજાથી એ અકળાયો પણ નથી. સામાન્યથી ઉત્તમ કુળ-જાતિવાળો જ સારા કાર્યો સારા વ્યવહારો કરી શકે છે, હલકા કુળ-જાતિવાળા પાસેથી એવી આશા રાખી શકાતી નથી. જાતિ-કુળ સંપન્ન પ્રાયઃ મોટા ગુના-અકાર્ય-અપરાધ કરતાં નથી, પણ કષાય-ઈંદ્રિયનું દમન કરે છે, દોષો પ્રત્યે તિરસ્કાર રાખે છે.

જાતિ-કુળ સંપન્ન ન હોય, એમાં આ બધું વિપરીત હોય છે. દોષો-પાપો પ્રત્યે તિરસ્કાર નહીં હોવાથી પૂરી આલોચના કરતા નથી, સાવ અધુરી કરે. પાપ પ્રત્યે તિરસ્કાર હોય તે જ આલોચના બરાબર શુદ્ધિપૂર્વક કરે છે. હીનકુળવાળો પાપ દીનતાથી વર્ણવે ને તેથી અધુરા વર્ણવે, ઉત્તમ કુળવાળો સંપૂર્ણપણે વર્ણવે છે.

તેથી ઉત્તમ જાતિ-કુળવાળાનો વિશ્વાસ કરી શકાય છે. લોહીમાં ખાનદાની ભળે તો દોષો-પાપો નષ્ટ કરવાની ભાવના જાગે છે. તેથી જ તેઓ વ્રત-પચ્ચખાણ બરાબર વહન કરે છે. તેઓ સામાન્યથી સજ્જન હોય છે, તેથી વ્યવહારમાં ઠગાઈ કરતા નથી. જેમના લોહીમાં ખાનદાની નથી, તેવા હલકા કુળના જે દુર્જનો છે, તેઓ વ્યવહારમાં સહજતાથી ઠગાઈ આચરે છે, ને વ્રત-પચ્ચખાણ પણ બરાબર વહન કરી શકતા નથી.

ઉત્તમ કુળ જાતિવાળાને કોઈ અકાર્યમાં પ્રવર્તવવા મથે તો પણ તે જલ્દીથી અકાર્યમાં પ્રવૃત્ત થતો નથી. શરમમાં ખેંચાઈને પણ ખોટી સાક્ષી ન આપે કે કોઈને ખોટા માર્ગે મોકલે નહીં.

જેને અકૃત્ય કરતાં અપમાન વધુ કઠે છે, તેના જીવનમાંથી અકૃત્ય દૂર થતા નથી, આલોચનામાં અપમાન જેવી ભૂમિકા છે, છતાં તે સ્વીકારી શકે એ જ અકૃત્યને દૂર કરી શકે.

ગુરુ સાથેના વાર્તાલાપમાં જે પોતાનું આસન છોડી તેમની પાસે જઈ હાથ જોડી નમ્રતાથી વાત કરી શકે તે ઉત્તમ છે. આસને બેઠા બેઠા વાત કરનારો જાતિ કુળથી હીન સમજવો.

કુળવાન જ સ્વીકારેલી વાતમાં મક્કમ રહી શકે છે. ફરી જતો નથી. બોલીને ફરી જનારાને, અકાર્ય કરી લેનારાને હલકા લોહીના સમજી ધર્મ આપવો નહીં.

ઠઠ્ઠા-મશ્કરી કરી બીજાને હલકો પાડનારા, અસભ્ય વર્તન કરનારા ઉત્તમ કુળના નથી. ધર્મ માટે અયોગ્ય છે. ઉત્તમકુળની વ્યક્તિના મોંઢેથી તો અપશબ્દ પણ નીકળે નહીં.

વડીલો-સજ્જનો બોલાવે ને એમની પાસે જઈ હાથ જોડીને ઊભો રહે તે જાતિમાન છે. 'કેમ બોલાવ્યો ? શું કામ છે ?' એવા પ્રશ્નો કરે, તે જાતિમાન નથી.

ગુરુ કર્યા પછી ગુરુને છોડવાનું ને બીજા ગૃપમાં જવાનું મન થાય એ હીનકુળ-હીનજાતિસૂચક છે. બીજા ગૃપમાં ગયા પછી ત્યાં પોતાના ગૃપની-ગુરુની હલકાઈ કરે તે હીન-જાતિકુળવાળો છે. દુર્જન છે.

આવાનો ભરોસો રખાય નહીં. થોડા વખત પછી જ્યાં ગયો, એ ગૃપના પણ અવર્ણવાદ કરવા માંડશે. જાતિકુળસંપન્ન ક્યાંય અવર્ણવાદ-નિંદા વગેરેમાં પડતો નથી.

જ્યાં સુધી લોકોપર ઉપકાર થતો હોય, ત્યાં સુધી પદ પર રહ્યા પછી તેવી શક્તિ ન રહેતા પદ બીજાને સોંપનારો જાતિ-કુળથી યુક્ત છે. ઉત્તમ છે.

### યોગસંગ્રહ-ત્રીજો ગુણ/વિનયસંપન્નતા :

ઉત્તમ જાતિવાળો સ્વભાવથી વિનીત-નમ્ર હોય છે. આવો વિનયસંપન્ન એના વ્યવહારમાં સત્ત્વસંપન્ન હોય છે. વિનયરહિતનો વ્યવહાર સત્ત્વસંપન્ન હોતો નથી. વિનયસંપન્ન જીવને અવસરે સમજાવી શકાય. વિનયહીન સમજવા તૈયાર થતો નથી.

જે નાનો મોટા સાથે સમાન વ્યવહાર કરે છે ને તેની અપેક્ષા રાખે છે તેનામાં વિનય નથી, હીનતા-ઉદ્ધતાઈ છે. વિનીત નાનો મોટાનું માન-ગૌરવ સાચવે છે ને એમની વાત સાંભળે છે, સ્વીકારે છે ને કહેલા કામ કરી આપે છે.

વૃદ્ધ સાધુ કામ સોંપે તે એમનો નાનો ગુનો છે, પણ તે નહીં કરી આપવું એ મોટો ગુનો છે. વૃદ્ધતાના કારણે કામ ન થઈ શકે, તો સોંપે એમાં એમને દોષ નથી. પણ 'બધાએ પોતાનું કામ જાતે કરવું' એવો આગ્રહ રાખનારો વિનીત નથી.

પોતાને એમ લાગતું હોય કે ગુરુ પેલાને બરાબર સાચવે છે, સારી રીતે સાચવે છે ને મને તો ગણકારતા જ નથી, મારી સાથે ખરાબ વ્યવહાર કરે છે... ગુરુ પક્ષપાતી છે...આવા બધા વિચારો કરનારો વિનીત નથી, આમ વિચારી ઈર્ષ્યા કરનારો પણ વિનીત નથી, એવા આક્ષેપ કરનારો પણ અવિનીત છે. ગુરુના કહેવા-કરવામાં જે 'ઉચિત જ છે' એવો ભાવ નથી રાખતો તે અવિનીત છે.

આવા સ્થળે વિનીત તો એમ જ વિચારે કે જે કાંઈ ગુરુ મહારાજ કરે છે, તે વિચારી-સમજીને કરે છે, ઉચિત જ કરે છે. પેલાને વધુ સાચવવા પાછળ પણ ગુરુ મહારાજને વિશેષ લાભ દેખાયો હશે. વળી સાધુપણું ગુરુ સાચવે એનાથી સાર્થક નથી થતું પણ પોતે કરેલાં વિનયથી સાર્થક

થાય છે.

શેઠને વફાદાર મુનિમ પણ જો બધાની વચ્ચે શેઠનું અપમાન કરી નાખે તો તેની વફાદારી નકામી છે. એમ પોતાને ગુરુને વફાદાર માનનાર પણ જો જાહેરમાં કે ખાનગીમાં ગુરુનું અપમાન કરી નાખે, તો વફાદારી શી કામની ? આવું તો અવિનીતને જ સૂઝે, ને ગુરુ પણ આવાને મહત્ત્વના કામ ભળાવતાં નથી.

વિનયસંપન્નનો ગુરુ સાથેનો વ્યવહાર તો પ્રેમભર્યો હોય જ, પણ ગુરુના દરેક શિષ્ય-નિશ્રાવર્તી વગેરે બધા સાથે પ્રેમભર્યો વ્યવહાર રાખે ને બધાએ સોંપેલું કામ અવશ્ય કરી આપે. સેવા કરવા પણ દોડતો જાય. બીજાઓને પણ વિનયસંપન્નને જ કામ સોંપવાનું મન થાય છે. વિનીતને જ બધા કામ સોંપે એ સેવા વૈયાવચ્ચ ધર્મની કમાણી દેખાય છે, જેમકે ઘરાકો માટે દુકાનમાં માલ કાઢવા દોડતાં શેઠને એમાં કમાણી દેખાય છે, તેથી એ દોડધામમાં કંટાળો નહીં આનંદ આવે છે.

**પ્રશ્ન : ગોચરી માંડળીની વ્યવસ્થા કરનારા વહેંચતી વખતે પક્ષપાતાદિથી બધી ગોચરી વહેંચી નાખે ને આપણા પાત્રમાં જરૂરી પણ કશું આવે નહીં, તો ત્યાં વિનય કેવી રીતે ? બીજી વાર મંગાવવામાં દોષ લાગે...**

ઉત્તર : બીજી વાર મંગાવવામાં દોષ છે, એ નાનો છે. એ વખતે 'અહો ! બધા સાધુ ભગવંતોનો લાભ મળી ગયો' એવો ભાવ રહે તો નિર્જરા જ છે. પણ ખોટું લગાડવું કે દ્વેષ વ્યક્ત કરવો એ તો ઘોર અવિનય છે, અવ્યવસ્થા છે ને મોટો દોષ છે. એમાં સમ્યક્ત્વ મલિન થાય છે. ચારિત્ર મોહનીય કર્મ બંધાય છે. જાતિ-સંપન્ન વિનીત હોય, તે આ રીતે અકળાઈને દ્વેષ વ્યક્ત કરે નહીં.

આમ વિનીત રહેવું-વિનય ધર્મમાં રહેવું એ ત્રીજો ગુણ છે. ત્રીજો યોગ છે. ધર્મનો આરંભ વિનય છે ને મજબૂત ધર્મ માટે દૃઢ મૂળ પણ વિનય છે. વિનીત જ સર્વત્ર પ્રિય, વિશ્વાસપાત્ર ને કૃપાપાત્ર બને છે. અપ્રતિપાતી ગણાયેલા વૈયાવચ્ચ ધર્મની પ્રાપ્તિ પણ એને જ થાય છે ને ગુરુ તત્ત્વચિંતનથી પ્રાપ્ત કરેલું તત્ત્વ અમૃત પણ સૌથી પહેલા એને આપે છે.

## ચોથો ગુણ-જ્ઞાન સંપન્નતા-વાચના - ૫

વિનીતને જ્ઞાનાવરણનો સારો ક્ષયોપશમ થાય છે. તેથી એ જ્ઞાનસંપન્ન બને છે. જ્ઞાનસંપન્ન એટલે માત્ર વધુ ભણેલો એવો અર્થ નથી કરવાનો. પણ દરેક સ્થળે જ્ઞાનદૃષ્ટિને આગળ કરીને જોનારો-વ્યવહાર કરનારો એવો અર્થ કરવાનો છે.

જ્ઞાન ભણીને જાતે ગીતાર્થ થવાનું છે. પણ જ્યાં સુધી એવા ગીતાર્થ ન થવાય ત્યાં સુધી એવું જ્ઞાન ભણેલાં-ગીતાર્થની નિશ્રામાં રહેવાનું છે. ભણ્યા પછી પણ ગૌણ-મુખ્ય, સાચું-ખોટું સમજી શકે નહીં, તે જ્ઞાન સંપન્ન ગણાતો નથી.

જે ઘરોમાં રસોઈ ઓછા બે/ત્રણ માટે જ થાય છે, તે ઘરોમાંથી વિશેષ વહોરવું જોઈએ નહીં, જે ઘરો ભરેલાં છે, ઘણા જમનારા છે, ત્યાં ગોચરી જવું ને વહોરવું જોઈએ.

કોક વિશેષ વસ્તુનો ખપ પડે, તો સામાન્યથી કંજુસના ઘરે કહેવું, ઉદારના ઘરે નહીં, કારણ કે ઉદાર માણસ એ વસ્તુ પોતાના ઘરે નહીં હોય, તો આધાકર્મી કરશે, ખરીદી લાવશે વગેરે દોષ લાગશે. કંજુસના તો ઘરે હશે, તો વહોરાવશે નહિંતર ના પાડશે. જેથી બીજા દોષો આપણને લાગશે નહીં. આ બધી વાત જ્ઞાન સંપન્ન સમજી શકે છે.

કાપ કાઢવાના વિષયમાં પણ જ્ઞાનસંપન્ન હશે, એ જ એકસાથે ઘણું પાણી ભેગું કરી પછી એકસાથે પરઠવી ને ખાબોચિયા નહીં કરે..પણ થોડી થોડી વારે ટોક્સી ટોક્સીથી પરઠવી-બધું ચૂલાઈ જાય ખાબોચિયું થાય નહીં તેવી ચીવટ રાખશે.

ઠવણીને સફેદ કલર કરાવવાનું મન કોને થાય ? ચંદનની ઠવણીને કલર કરાવવાની શી જરૂરત છે ? છતાં આચાર્ય ભગવંતની શોભા માટે એમની ઠવણીને સફેદ કલર કરાવાય તો બીજા નાનાઓ પણ એ રીતે સફેદ કરાવે, તો એમાં આચાર્યની શોભા ક્યાં રહી ? એમનું ગૌરવ હણાયું. જ્ઞાન સંપન્ન આ વાત સમજી શકે.

કપડામાં શોભા-વિભૂષા માટે બીજા કલરના તાર નંખાવવા વગેરે કરવું એ શું જ્ઞાનસંપન્નતા છે ? મોહદશા ને જ્ઞાનદશા વચ્ચે ઘણો ફરક છે. જ્ઞાન સંપન્ન તો આત્માની શોભા શામાં છે ? એ વિચારે, એને વળી બાહ્ય કપડામાં આકર્ષણ કેવી રીતે હોય ? વિભૂષા કરવી એ તો ગૃહસ્થોને ગમતી ચેષ્ટા છે, સાધુને એમાં રસ હોય, તો સમજવું જ્ઞાન સંપન્નતા નથી, ને વૈરાગ્ય ઢીલો પડ્યો છે.

સામાન્યથી સાધુને ગૃહસ્થનું કશું કામ હોતું નથી. પોતાનું કામ જાતે જ કરે છે. ગૃહસ્થને કામ સોંપવું એટલે છજીવકાયની વિરાધનાની સંમતિ આપવી. છતાં એવા કારણ વિશેષે કામ ભળાવવું પડે, તો ગૃહસ્થને ઉપાશ્રયમાં બોલાવવો, પણ પોતે ગૃહસ્થના ઘરે જવું નહીં. આમ ગૃહસ્થના ઘરે જવામાં સાધુતાની લઘુતા થાય છે, શાસનની મર્યાદાનો ભંગ થાય છે. (ક્રમશઃ)


સુવિશાલ ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં

**ચૈત્રી ઓળીની ભવ્ય આરાધના**

સ્થળ : શાહિબાગ ગિરધરનગર જૈન સંઘ, અમદાવાદ.

-: સંપર્ક સૂત્ર - પત્ર વ્યવહાર :-

જયેશભાઈ સી. ભણસાલી - રૂચી ડાયમન્ડ : એસ/૬, વિશાલ કોમર્શીયલ સેન્ટર, દિનેશ હોલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૦૭૯-૨૬૫૮૪૯૩૯, ૨૬૫૮૧૧૦૮ પિનુભાઈ : મો. ૯૫૩૭૨૭૭૦૯૨

# અશુભ વિચારો=અનેકવાર આત્મહત્યા

**પરમ પૂજ્ય આચાર્યશ્રી અજિતશેખર સૂરિ મહારાજ સાહેબ**

(માગસર સુદ ૯, તા. ૧૭-૧૨-૨૦૧૫, ગુરૂવારે) પ્રશાંતમૂર્તિ પૂજ્ય આચાર્યદેવશ્રી રાજેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબની પાવન છત્રછાયામાં પૂજ્ય પંન્યાસશ્રી ધર્મયશવિજયજી મહારાજ સાહેબની વિનંતીથી પૂજ્ય સાધુ મહાત્માઓને અપાયેલ વાચના)

છગન Dr. મગન પાસે ગયો અને કહ્યું : મને આત્મહત્યાના બહુ વિચાર આવે છે. શું કરું ?

Dr. મગને કહ્યું : એકવાર આત્મહત્યાનો પ્રયાસ કરી જો, પછી જો-શું થાય છે...!!!

વાત એમ છે સવારથી રાત સુધીમાં જેટલાં ખોટા વિચારો કરીએ છીએ, તેટલી વાર આત્મહત્યાના પ્રયાસો કરીએ છીએ, કેમકે જેટલા અશુભ-ખોટા-રાગદ્વેષના વિચારો કરીએ છીએ, તેટલો અશુભ કર્મબંધ કરીએ છીએ, ચોર્યાશી લાખ જીવયોનિમાં ભટકવાનું કરીએ છીએ, એટલું સંસાર ભ્રમણ વધુ, દુનિયામાં આપઘાત કરનારો એકવાર આપઘાત કરે છે, આપણે અશુભ વિચાર કરવા દ્વારા ભવિષ્યમાં અસંખ્ય ભવ-અનંતભવમાં આપઘાત=મરવાના પ્રયત્નો કરીએ છીએ, આપણા મનમાં કોઈપણ ધરવાનો Response ઊભો થઈ જાય છે. અને તે પણ -Ve Response જ ઊભો થાય છે.

આપણે સાધુપણું તો સ્વીકાર્યું, પણ 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું' એના ઉપાયો સિદ્ધ કરવાના ઉપાયોથી આપણે દૂર છીએ, આપણું મન આપણે વશ કર્યું નથી. માટે કોઈપણ ઘટનામાં તરત Reaction આપે છે, ગાંધીજીને ચરખો પસંદ હતો. ચરખો રૂની પુણીમાંથી તાર લાંબા લાંબા કાઢ્યા કરે-ખેંચ્યા કરે, તેમ આપણું મન ચરખા સમાન છે. નાની નાની ઘટનામાંથી વિચારોના તાર કાઢ્યા કરે, ખેંચ્યા જ કરે, સંકલ્પ વિકલ્પ કર્યા જ કરે, બીજી ઘટના બને ત્યારે પહેલી ઘટના શમી જાય. પછી ગાંઠ બંધાય, આ વ્યક્તિ આવી, આ તો આવો જ છે. પછી વેરની પરંપરા ચાલે, તેને અટકાવવા માનવું કે 'જે કોઈપણ વિચારો જે આપણને મનોગુપ્તિમાંથી બહાર કાઢનારા છે. તે કષાય રૂપ હોય કે વિષય રૂપ હોય, તે બધાં જ અશુભ વિચારો ભવિષ્યના મારા અસંખ્ય મોતના બીજ સમાન છે. રાત પડે એટલે વિચારવું કે 'આજે મેં કેટલીવાર આત્મહત્યાની યોજના કરી ? લોકો શરીર હત્યા કરે છે. એ આત્મહત્યામાં ખપે છે. ખરેખર આત્મા અજર-અમર છે. આત્માના બદલે શરીર હત્યા કરે છે. હું 'અસંખ્યવાર મરવું પડે' તેના પ્રયોજન-પ્લાનીંગ આજે કેમ કરું છું ?

ભગવાન કહે છે - No Reaction is the best Reaction. કોઈપણ પ્રકારનું રીએક્સન ન આપવું એજ મોટી પ્રતિક્રિયા છે. આપણે ભગવાનથી ઊંધા ચાલીએ (પ્રતિક્રિયા) છીએ, બીજો કાંઈપણ કહે આપણે તેનું જોરદાર Reaction જ આપવું, પેલા યાદ રાખે, ભગવાન કહે છે સૌથી કિંમતી મન છે. અને આપણે માનીએ છીએ-મન જેવું તુચ્છ કાંઈ નથી. પંચેન્દ્રિય થયાં પછી મન વિનાના (અસંજ્ઞી પંચેન્દ્રિય)ના કેટલા ભવો ગયા પછી દેવગતિ-નરકગતિ-પશુગતિનું મન મળ્યું. દેવગતિનું મન ભોગાસક્ત છે. નરકગતિનું મન કષાયાસક્ત છે. પશુગતિનું મન લાલચુ મન છે. માત્ર ને માત્ર મનુષ્ય ગતિનું મન જ બીજુ બધું છોડીને આરાધના સક્ત થઈ શકે છે. એટલે જ મન સૌથી મૂલ્યવાન છે. મનથી જ આપણી સાધના-સમાધિ અને સદ્‌ગતિ છે. બે પાંચ ભવમાં કલ્યાણ છે. માટે મન કિંમતી છે. દુનિયામાં કોઈ ઈજ્જત બગાડે, અપમાન કરે, થું થું કરે તે પણ ચાલે, બધું બગડે તે ચાલે, પણ મારું મન બગડવું ન જોઈએ.

આપણે-કોઈ કાંઈપણ બગાડે તે પહેલા મન બગાડીએ છીએ, જેમકે 'રસ્તે જતાં રીક્ષાવાળો એકદમ નજીકથી રીક્ષા લઈ જાય, બહાર કાંઈ બગડ્યું નથી છતાં મન બગડી જાય છે, આ રીતે રીક્ષા ચલાવાય ? વિહારમાં છેલ્લે આવ્યા હોઈએ ને બેસવાનું ગમતું સ્થાન ન મળે, સંઘમાં સારૂં જામ્યું એટલે શ્રાવકોએ અહીં Response સારો કદાચ ન આપ્યો તો શ્રાવકો આવા ? સંઘ આવો ? આમ દુર્ભાવ થાય, અથવા ગોચરી લાવનાર ગમે તે ઉપાડી લાવે છે. આમ દુર્ભાવ થાય, જેટલીવાર મન બગડે ત્યારે વિચારવું હું આત્મહત્યાના પ્લાનીંગ કરૂં છું.

આપણે બાળક પણ નથી, બાળક પણ બજારમાં જઈને MRP જોઈ પૈસા આપે. MRP કરતા વધારે પૈસા ન આપે. MRP એટલે Maximum Retail Price કેટલી ?

પ્રશ્ન : પણ અપેક્ષા પુરી ન થાય તો રીએક્સન આપવું પડે ને ?

ઉત્તર : શ્રી તીર્થંકર પ્રભુની બધી અપેક્ષા પૂરી થતી નથી. તો આપણી અપેક્ષા પુરી થવાની ? શ્રી તીર્થંકર પ્રભુની અપેક્ષા હતી કે 'સવિજીવ કરૂં શાસનરસી' તેનો પણ અનંતમો ભાગ જ ફલીભૂત થયો. આપણું પુણ્ય હોય એટલા અંશે જ અપેક્ષા પૂરી થાય. MRP નક્કી કરો, કોઈ સાધુએ અણગમતો વ્યવહાર કર્યો, તેની MRP કેટલી ?

ભગવાન કહે છે- MRP '0', (ઝીરો છે. મનમાં લેવું જ નહીં) પણ આપણે ભગવાનની ભૂમિકામાં નથી, ભગવાન ઉપર ઉપસર્ગ આવ્યા, ઉપસર્ગ કરનારો ઉપસર્ગ કરીને ગયો. ભગવાને એની ઉપર કશું ધ્યાન આપ્યું જ નહીં, આપણું એટલામાં સ્ટાર્ટ થાય છે. ઘટનાને ઘણું વજન આપીએ છીએ, મન ધુંધવાઈ જાય.

આપણે મનની કિંમત સમજ્યા નથી. માટે નાની નાની વાતમાં મન બગાડીએ છીએ. પંદર કલાકનો સ્વાધ્યાય શા માટે ? બોલો, ચૌદ પૂર્વધર થવું સારૂં કે 'મા રુષ-મા તુષ' એટલું પણ યાદ ન રહે તેવા સાધુ ? ચૌદપૂર્વધર થવું તેટલું મહત્ત્વનું નથી, જેટલું મન સાધ્યું તે મહત્ત્વનું છે, ચૌદપૂર્વધર જો મન સાધવામાં નિષ્ફળ ગયા તો નિગોદમાં ગયા, અને

મા રુષ-મા તુષ યાદ ન રાખનારને પણ જો મન સાધતા આવડી ગયું તો કેવલજ્ઞાની થઈ મોક્ષે ગયા, માટે સ્વાધ્યાયમાં મન સ્થિર કરવાનું છે. પૂજ્યપાદ ગુરૂદેવ શ્રી ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજ સાહેબ કહેતાં : કોઈ સ્વાધ્યાય નથી તો છેવટે પાંચવાર પક્ખી સૂત્રનો સ્વાધ્યાય કરો, છેવટે દશવાર 'પગામસિજ્જાએ' નો સ્વાધ્યાય કરો, પણ મનને ખાલી ન રાખો, કારણ સ્વાધ્યાય નથી તો મન નાની નાની ઘટનાઓનું પૃથક્કરણ જ કરવાનું છે. અને સાધુ જે ઘટનાઓનું પૃથક્કરણ, પોસ્ટમોટમ કરશે, તે વિષય કાં સાધુ સંબંધી કાં શ્રાવક સંબંધી જ હશે, ગૃહસ્થ મન બગાડે તો તેનો વિષય કાં પત્ની, કાં પૈસા, કાં દુકાન, કાં ઘરાક સંબંધી હશે, જ્યારે આપણે મન બગાડશું તો તેનો વિષય સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, કોઈ ધર્મ અનુષ્ઠાન સંબંધી જ હશે, આપણને ચતુર્વિધ સંઘમાંથી જ દુષ્ટ મળ્યાં ? સંઘ ઉપર દુર્ભાવ કરીને દુર્લભ બોધિ થવામાં બહુ મોટુ નુકશાન છે.

આપણને ભગવાને સારૂં બતાવ્યું છે. ભગવાને આપણને કોઈ જવાબદારી આપી નથી, રસોઈ-કપડા-પૈસા-ધંધો-'અહો જિણેહિં અસાવજ્જા' પ્રભુએ અસાવદ્ય વ્યવસ્થા કરી છે. અરે ! વ્યાખ્યાનની પણ જવાબદારી આપી નથી. શેષકાળના આઠ મહિના પણ વ્યાખ્યાન કરવા કંપલસરી નથી અને શ્રાવકો ચોમાસા માટે વિનંતી કરે તો જણાવી દેવાનું કે 'હું પચાશ દિવસ વ્યાખ્યાન વાંચીશ, બાકી મારી પોતાની આરાધના કરીશ, બોલો કેવી સરસ ગોઠવણ કરી છે કે મન બગડે નહીં.'

ગૃહસ્થ પાસે મન બગાડવાના ભરપૂર સાધનો છે Mobile, TV, સ્વજન, સંબંધ, દુકાન, પૈસા વગેરે, આ બધાથી બહારની દુનિયાના પ્રસંગો લઈને મન બગાડવાના છે. પણ સાધુ જો મન બગાડશે તો કિંમત ઘણી કહેવાશે. જોખમ સૌથી મોટું છે. ચતુર્વિધ સંઘ ઉપર અટકી જશે. પણ 'હે આત્મન્ ! ચતુર્વિધ સંઘ ઉપર દુર્ભાવ કરવામાં તું દુર્લભબોધિ બનીશ. તુ આવી રીતે મન બગાડીને આત્મહત્યાના પ્લાનીંગ ન કર', જેને અસંખ્ય ભવ કે અનંતભવ કરવાના હોય તે દુર્લભ બોધિ જ બને. માટે એક સિદ્ધાંત બનાવો : બધું જ બગડે તે ચાલે, પણ મારૂં મન બગડવું ન જોઈએ.

એક ડાયરી બનાવો અને લખો, એકવાર મન બગડ્યું એટલે આત્મહત્યાનો પહેલો પ્રયોગ કર્યો, બીજીવાર મન બગાડ્યું એટલે આત્મહત્યાનો બીજો પ્રયોગ કર્યો, ત્રીજીવાર મન બગાડ્યું એટલે આત્મહત્યાનો ત્રીજો પ્રયોગ કર્યો, રાત્રે આત્મ નિરીક્ષણ કરો. આખા દિવસમાં કેટલીવાર મન બગડ્યું ? પછી રાત્રે સુતાં પહેલાં 'હે ભગવાન ! મેં બહુ મોટી ભૂલ કરી, મિચ્છામિ દુક્કડં માંગો અને ભૂલ સુધારી લો.

પ્રાયઃ દરેક પેન્સીલ પાછળ રબર હોય છે. પણ આપણે ભૂલ ભુંસવાને બદલે છેકછાક જ કરીએ છીએ. આપણી દરેક ભૂલ પાછળ મિચ્છામિ દુક્કડં આપવું એ રબર છે. પણ યાદ આવતું નથી તે છેકછાક કરી કાગળ અને ખોટો રિસ્પોન્સ આપીને જીવન બરબાદ કરીએ છીએ. ●

## અથ વૈવિધ્યમ્

''नाणंमि दंसणंमि अ, चरणंमि तवंमि तह य वीरियम्मि;
आयरणं आयारो, इअ एसो पंचहा भणिओ ।''

તીર્થંકર પરમાત્માના શાસનમાં વ્રત, આચાર આદિના ક્રમની ગોઠવણ જ એવી સુંદર હોય છે જેની ઉપર ઓવારી જવાનું મન થાય. પૂર્ણજ્ઞાની વગર કોણ આવો ક્રમ બતાવી શકે ? 'નાણંમિ'ની ગાથાઓમાં પાંચ આચારની વાત કરી છે. તેમાં ક્રમ આવો ગોઠવ્યો છે-જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર; કેમ આવો ક્રમ ?

જ્ઞાન એટલે સમજણ. શ્રદ્ધા; બહુલતાએ સમજણપૂર્વક પ્રગટ થાય છે. અને સમજણપૂર્વકની શ્રદ્ધા કાયમ માટે દૃઢ રહે છે. એટલે પહેલા જ્ઞાન પછી દર્શન મૂક્યું. ચારિત્ર પાલનમાં જીવને દૃઢ શ્રદ્ધા હોય તો જ તે ચારિત્ર લેખે લાગે છે. જીવે અનાદિકાળમાં અનંતા ઓઘા લીધા છતાં નિષ્ફળ ગયા, કારણ શ્રદ્ધાનો અભાવ. શ્રદ્ધાતત્ત્વ વગર મોક્ષે પણ જવાતું નથી. શાસ્ત્રમાં આવે છે કે - ''सिज्झंति चरणरहिया दंसणरहिया ण सिज्झंति'' અર્થાત્ ''ચારિત્ર (દ્રવ્ય ચારિત્ર) વગર હજી મોક્ષ મળવાની સંભાવના છે, પણ શ્રદ્ધા વગર મોક્ષ મળતો જ નથી.''

ચારિત્ર એ યાનપાત્ર તુલ્ય છે. ભવસમુદ્રમાંથી તરવા માટે શ્રેષ્ઠ જહાજની ઉપમા ચારિત્રને આપી છે અને કોઈપણ જહાજને કિનારે પહોંચાડવામાં યોગ્ય સુકાનીની જરૂર પડે છે. યોગ્ય સુકાની જહાજને એ રીતે દરિયામાં હંકારે જેથી તે દરીયામાં ક્યાંય અથડાઈ ન જાય કે ઊંધા માર્ગે ચડી ન જાય. સુકાનીને ઈષ્ટ નગરની દિશાનો ખ્યાલ હોય છે. તેમ સમ્યગ્જ્ઞાન, એ સુકાની જેવું છે. સમ્યગ્જ્ઞાન ચારિત્રધર આત્માને પોતાના લક્ષ્ય અને માર્ગ તરફ આગળ ધપાવે છે. સમ્યગ્જ્ઞાન ન હોય તો ચારિત્રરૂપી જહાજ ભવ સમુદ્રમાં રાગ-દ્વેષરૂપી શિલાઓ સાથે અથડાઈને તૂટી પડે અથવા ભવસમુદ્રમાં ઉન્માર્ગે જ ચઢી જાય. સમ્યગ્જ્ઞાન જહાજને માર્ગ પર ટકાવી આગળ વધારે છે. આમ જ્ઞાનદર્શન વિનાનું ચારિત્ર કદાચ પુણ્યબંધ કરાવી આપે પણ ઈષ્ટ એવા મોક્ષ કે આત્મ શુદ્ધિની પ્રાપ્તિ કરાવવા સમર્થ બનતું નથી. માટે દર્શન પછી ચારિત્રાચારની વાત મૂકી.

ચારિત્ર પાલનમાં પણ બાહ્ય-અભ્યંતર તપ જો ભળી જાય તો ''મગ માંહે ઘી ઢળ્યો'' જેવી વાત બની જાય. ચારિત્રજહાજને તપરૂપી અનુકૂળ પવન જો મળી જાય તો લક્ષ્ય તરફની ગતિ કંઈક ગણી વધી જાય. સમુદ્રમાં જહાજ પોતાના ઈષ્ટનગર તરફ ઝડપથી ત્યારે જ પહોંચી શકે છે જો તેને અનુકૂળ પવન મળે. જો પ્રતિકૂળ પવન વાય તો જહાજની ગતિ ધીમી પડે છે યાવત્ જહાજ અટકી જાય કે અનિષ્ટ દિશામાં ચાલવા લાગે. ચારિત્ર લીધા બાદ (દેશવિરતિ કે સર્વવિરતિ પામ્યા બાદ) તપરૂપી અનુકૂળ પવન ચારિત્રની સાધનાને વેગવંતી બનાવે છે. એટલે જ તો દરેક શ્રી તીર્થંકર પરમાત્મા, પોતે તે જ ભવે પોતાનું મોક્ષગમન જાણતા હોવા છતાં ચારિત્ર લઈ સાધના કરવાની સાથે વિશિષ્ટ તપને આદરે છે. એટલે તપાચારને ચારિત્ર પછી મૂક્યો છે. જેથી ચારિત્ર લીધા બાદ તપ તેને અનુકૂળ પવન પૂરો પાડે છે. જો સંયમ લીધા બાદ આહાર આદિની આસક્તિ કે પ્રમાદરૂપ પ્રતિકૂળ પવનમાં ચારિત્રરૂપ જહાજ ફસાય તો ચારિત્ર જહાજની ગતિ કાંતો અટકી જાય, કાંતો છેક મિથ્યાત્વગમન દ્વારા ઊંધી દિશા તરફ પહોંચી જાય. માટે તપાચાર ખૂબ જરૂરી છે.

વીર્યાચાર સૌથી છેલ્લે મૂક્યો છે, કારણ કે સર્વ આચારોમાં તે પ્રધાન છે. અને સર્વ આચારોમાં તે વ્યાપીને રહેલું છે. જો જ્ઞાનાદિ પ્રથમ ચાર આચારોમાં યોગ્ય વીર્ય એટલે કે સત્ત્વ ફોરવવામાં ન આવે તો આ આચારો કઈ રીતે સાધનારૂપ બનશે ? સત્ત્વનું સ્ફોરણ એ દરેક આચાર પાલનને, તે પછી પ્રતિકૂળ સંયોગ હોય કે અનુકૂળ સંયોગ હોય, સાધનામાં રૂપાંતરીત (Convert) કરે છે. એટલે સર્વ આચારોમાં વ્યાપ્ત હોવાથી છેલ્લે વીર્યાચારનું પાલન મૂક્યું. આપણા દરેકના હૃદયમાં આની પ્રધાનતા એવી રીતે ઠસવી જોઈએ કે-જ્ઞાન ભણતા વિકથા કે કંટાળો નહીં લાવું, પણ ઉત્સાહપૂર્વક જ્ઞાન ભણીશ. આ જ્ઞાનાચારમાં વીર્યાચારનું સ્ફોરણ થયું. તેમ પરમાત્માના વચનમાં શંકા, ધર્મના ફળ મળશે કે નહીં ? એવા બધા વિચારો ત્યજીને પ્રભુએ જે પણ કહ્યું છે તે બધું ત્રિકાલ-અબાધિત સત્ય છે. આ રીતે દર્શનાચારના પાલનનો ઉદ્યમ કરવો તે દર્શનાચારમાં વીર્યાચારનું પાલન થયું. એમ ચારિત્ર (દેશવિરતિ કે સર્વવિરતિ) ના પાલનમાં લીધેલા વ્રતોમાં સ્વલ્પ પણ અતિચાર ન લાગે તેવી તકેદારી-ચીવટ-ઉપયોગ રાખવો તે ચારિત્રાચારમાં વીર્યાચારની ફોરવણી થઈ અને તપ કરવામાં શક્તિ ગોપવ્યા વગર અને તપ કરતી વખતે આહાર વગેરેની વિચારણા, પારણાદિના પ્લાનિંગનો ત્યાગ કરવો અને નિષ્કામ ભાવે માત્ર કર્મનિર્જરાના શુદ્ધ લક્ષથી તપ કરાય તે તપાચારની અંદર વીર્યાચાર ભળ્યો કહેવાય.

આવા પરમ તારક આચારો માત્ર તીર્થંકર દેવ જ આપી શકે. તેમણે પોતાના કેવલજ્ઞાનમાં જોઈને આ પ્રકાશ પાથર્યો તેમાં મહત્ત્વનું કારણ તેમની સર્વજીવોને તારવાની કરુણા જ છે. પ્રભુ પ્રત્યે અહોભાવથી લળી-લળીને ઝુકવાનું મન થાય. પ્રભુ ! અમને તારી કૃપાથી આ આચારો મળ્યા, હવે જલ્દી ફલવાન બને અને આત્મશુદ્ધિ દ્વારા પરમ વિશુદ્ધ ગતિને પામીએ તેવી પ્રાર્થના !

**પરમ પૂજ્ય મુનિશ્રી ત્રિલોકવલ્લભવિજયજી મહારાજ**

# અથ વૈવિધ્યમ્

श्लोक : ''स्वर्गसुखानि परोक्षाण्यत्यन्तपरोक्षमेव मोक्षसुखम् ।
प्रत्यक्षं प्रशमसुखं, न परवशं न व्ययप्राप्तम् ॥''
( प्रशमरति : २३७ )

**શ્લોકાર્થ :** સ્વર્ગ સુખો પરોક્ષ છે. જ્યારે મોક્ષ સુખ તો અત્યન્ત પરોક્ષ છે. પ્રત્યક્ષ-અનુભવગમ્ય જો કોઈ એક સુખ હોય તો તે છે 'પ્રશમ'નું. તે પરાધીન પણ નથી અને તે ખરીદી શકાય તેવું પણ નથી.

**વિવેચન :** આ જગતમાં કોઈપણ વાત તર્ક-દલીલ-પુરાવાથી સિદ્ધ થઈ શકે છે. આસ્તિક દર્શનો પરભવગામી આત્મા સિદ્ધ કરે છે, તો નાસ્તિક દર્શન ભવાંતરની માન્યતાને છેદ ઉડાડવા મથે છે !

એક સમયે વાદમાં જેમણે પૂજ્ય બુટેરાયજી મહારાજને મૂર્તિની અપૂજ્યતા અંગે હરાવ્યા હતા તે જ પૂજ્ય આત્મારામજી મહારાજને સાચું સમજાતાં તેઓ પૂજ્ય બુટેરાયજી મહારાજના જ શિષ્ય બન્યા !

ન્યુટનના સિદ્ધાન્તો ય બદલાઈ ગયા અને કદાચ ભવિષ્યમાં આઈનસ્ટાઈનના સિદ્ધાન્તોને ય બદલી દેનારો ભેજાબાજ પાકે ય ખરો ! કોઈપણ નવી ટેકનોલોજીના આવિષ્કાર પછી તેના અપડેટેડ વર્ઝન જ બુદ્ધિની અપૂર્ણતાના, આપણી અજ્ઞાનતાના, વસ્તુમાં ખામીના સૂચક નથી ?

બુદ્ધિ; આ એક એવી છે કે જેનાથી તમે સાચાને ખોટું ય સાબિત કરી શકો તો જુનામાં ઉમેરો કરી નવું ય રચી શકો. પણ અનુભવ; એ એક એવો છે જેને બુદ્ધિ બદલી શકવા ય સમર્થ નથી ને વધારો કરવા ય !

ધર્મ-અધર્મ, સંસાર-મોક્ષ, પુણ્ય-પાપ, આ બધી વાતોને હજી શ્રદ્ધાથી કે તર્કથી સમજીને માની લઈએ. પણ સુખાનુભવ કે દુઃખાનુભવ ? અનુભવે જ્યારે કેરી મીઠી જ લાગે છે ને સુખાનુભૂતિ થાય છે, છતાં ય બુદ્ધિના જોરે કોઈ કેરીને કડવી સાબિત કરી જાય તો ય સુખાનુભવને શી રીતે બદલી શકાય ?

બની શકે કે વર્ષોથી જે શ્રદ્ધા અને તર્કથી આપણે જીવતાં-આચરતાં આવ્યા હોઈએ, એક જ અનુભવ તે વર્ષો જુની શ્રદ્ધા અને ઢગલાબંધ તર્કોને કડડભૂસ કરી શકે છે.

૧૦ પૂર્વધર ભગવાનશ્રી ઉમાસ્વાતિજી મહારાજ કહે છે- દરેક ધર્મો સ્વર્ગ અને મોક્ષને તર્કથી સિદ્ધ કરી રહ્યા છે પણ ભલા ! આ તર્ક સાધ્ય નથી, આ તો અનુભવ સિદ્ધ થવું જોઈએ.

પણ સ્વર્ગના સુખોની વાતો ઘણી સાંભળી છે, મનુષ્યલોકના સુખ કરતાં દેવલોકના સુખની કલ્પના ય વધુ આનંદપ્રદ છે. મોક્ષ સુખ તો અનુપમ છે, તેની તો કલ્પના ય શક્ય નથી. જે માત્ર કલ્પનાનો વિષય હોય તેવું સ્વર્ગસુખ કે જેની કલ્પના ય શક્ય ન હોય તેવું મોક્ષ સુખ; આની અનુભૂતિ શી રીતે થાય ?

પ્રત્યુત્તરમાં પ્રશમરતિ સુખાનુભૂતિનો ઉપાય અને સુખનું સ્વરૂપ જણાવે છે : 'પ્રત્યક્ષં પ્રશમસુખમ્' હા ! વાત સાચી કે સ્વર્ગ-મોક્ષ એ કલ્પના-તર્ક કે શ્રદ્ધાનો જ વિષય છે. પણ અહીંયા રહીને ય સ્વર્ગથી ય વધુ અને મોક્ષની જ જાત-ભાતનું સુખ તમે ભોગવી શકો છો તે છે : પ્રશમ સુખ.

કષાયો અને વિષયોના 'પ્રશમ'થી માંડીને કર્મવૈષમ્યનું પણ પ્રશમ થાય, આ વિસ્તૃત ફલક પર પ્રશમતા છવાયેલી છે.

સમ્યક્ત્વના પાંચ લક્ષણોમાં શ્રેષ્ઠ અને ચરમ લક્ષણ છે : પ્રશમ. કષાય-વિષય પરત્વેનું પ્રશમ.

આત્માની વિભાવદશા, કર્મની પરાધીનતા, આ બધી વિષમતામાંથી આત્માને જે પૂર્ણ સમતા-સ્વભાવમાં લાવી દે તે પ્રકૃષ્ટ પ્રશમ.

આ પ્રકૃષ્ટ પ્રશમનો-મોક્ષના આંશિકપણે આત્મિક સુખનો અનુભવ ઠેઠ ચોથે ગુણ સ્થાનેથી અને તેની નીચે ય અપુનર્બંધકથી થાય છે.

આ સુખ આત્મિક છે, પ્રત્યક્ષ છે.

સુખનું સાચું સ્વરૂપ બતાવતાં પ્રશમરતિ કહે છે : તમે સુખને શોધવામાં-મેળવવામાં ક્યાંય છેતરાઈ ન જાવ (આમ તો અનંતકાળથી છેતરાયેલા જ છીએ અને અત્યારે ય છેતરાઈ રહ્યા છીએ !) માટે બે ગુણવત્તા ચેક કરી લેજો : (૧) એ સુખ કોઈ આપે અને આપણને મળે તેવું પરાધીન ન હોવું જોઈએ. 'પરાધીન'માં 'પર' તરીકે ચાહે કોઈ વ્યક્તિ કે વસ્તુ કે કર્મ હોય ! ૨) એ સુખ કંઈક આપવાના 'બદલા'માં ન હોવું જોઈએ. 'બદલામાં' મળેલું સુખ બદલાઈ જાય તેવું જ નિકળે છે. પૃથ્વીમાંથી નિકળતું પાણી, સૂર્યનો પ્રકાશ કે આકાશના અવકાશની જેમ જે સ્વાભાવિક હોય તે જ અમાપ અને અનન્ત હોઈ શકે છે. ચાલો; અમાપ અને અનન્ત સ્વાભાવિક સુખનું પહેલું પગલું 'પ્રશમ'થી માંડીએ....

**પરમ પૂજ્ય મુનિરાજશ્રી રત્નભાનુવિજયજી મહારાજ**

## આજની વાત

**પરમ પૂજ્ય સિદ્ધાંત દિવાકર, સુવિશાલ ગચ્છાધિપતિ**
**આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરિજી મહારાજ સાહેબ**

('જ્ઞાન અને પરિણતિ' વિષયક પ્રવર્તન પ્રેરક માર્મિક લેખ. સ્થળ : આંબાવાડી જૈન સંઘ-ઉપાશ્રય, અમદાવાદ.)

આત્માને જે પણ જ્ઞાન થાય, તે તાત્ત્વિક દૃષ્ટિએ સાચું હોય કે ખોટું; પણ આત્મા પોતે સાચું માનીને જ વર્તે છે.

'આ જ્ઞાન ખોટું છે' તેમ જાણીને આત્મા સ્વયંને જ 'સાચું જ્ઞાન' તરીકે પ્રસ્થાપિત કરી શકતો નથી. બીજાને છેતરવા હજાર રીતે ખોટાને સાચું સાબિત કરી શકાય. પણ તે વિપરીત બુદ્ધિથી આત્મસાક્ષીએ ક્યારે ય પણ ખોટું 'સાચા' તરીકે સાબિત થઈ શકતું નથી.

આને વિશ્વાસ કહેવાય. ભલે એ ભ્રમાત્મક હોય એ વાત જુદી. સાચાનો વિશ્વાસ ન હોય એને શંકા અથવા તો અવિશ્વાસ કહેવાય. અવિશ્વાસ અને શંકા આ બન્ને સામાન્યથી પ્રવૃત્તિના બાધક છે. પરંતુ નિશંકિતતાની સાથે જો હેયત્વનો-છોડવાપણાંનો બોધ હોય તો તે હેયત્વ પ્રવૃત્તિ બાધક બને છે અને નિઃશંકિતતાની સાથે ઉપાદેયત્વનો-સ્વીકારવા, આચરવા પણાનો બોધ હોય તો તે પ્રવૃત્તિ સાધક બને છે, પ્રવૃત્તિમાં ઉલ્લાસ, આનંદને વધારનાર થાય છે.

આમાં ફરક એટલો ખરો કે નિઃશંકિતતા જ જો ખોટા મિથ્યા તત્ત્વમાં હોય એટલે કે મિથ્યાત્વ-કષાય વગેરેથી પ્રેરિત નિઃશંકિતતા હોય તો પરિણતિ ઊંધી ઘડાય છે. આ ઊંધી પરિણતિ જ કુસંસ્કાર, સંજ્ઞા કહેવાય છે.

જ્ઞાન પરિણતિ ગુણ પ્રેરિત હોય છે, અજ્ઞાન પરિણતિ દોષ પ્રેરિત હોય છે. ગુણ અને દોષ; એ મોહનીયના ક્ષયોપશમ-ઉદયજન્ય છે. જેમ જેમ ક્ષયોપશમ વધે તેમ તેમ ગુણ-જ્ઞાનની પરિણતિ વધે, નિર્મળ થાય. મોહનીયનો ક્ષયોપશમ જેમ જ્ઞાનની પરિણતિને વધારે છે તેમ જ્ઞાનાવરણના ક્ષયોપશમને-જ્ઞાનને પણ વધારે છે, આવરણ તોડે છે.

મોહનીયના ક્ષયોપશમ વગરનાનું જ્ઞાન; એ પરિણતિ સર્જક કે વર્ધક બનતું નથી. ઉલટું, પરિણતિની યોગ્યતાનું નાશક બને છે. અને જ્ઞાનાવરણ પણ કાલાન્તરે ઉગ્ર બને છે.

માટે, જ્ઞાન પરિણતિ; એ દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયના ક્ષયોપશમને બંધાયેલી છે. અને દર્શન-ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ દોષ હ્રાસ અને ગુણ પ્રાપ્તિ સાથે સંકડાયેલ છે. તેથી લક્ષ્ય જ્ઞાન પરિણતિ ઉપર આપવું, જ્ઞાનાર્જનથી ય વધુ. પરિણતિ એટલે જ્ઞાનમાં જે-જ્યારે-જેને-જેવી રીતે ઉપયોગ, વર્જન વગેરે સૂચવે તે રીતે કરવાની, પ્રવર્તવાની, છોડવાની સમજણ અને લાગણી.

પરિણતિ પૂર્વકનું આવું જ્ઞાન મોક્ષ આપે, આચાર સંપન્ન બનાવે. હેય-ઉપાદેયનો યથાર્થ બોધ-જ્ઞાન હોવા છતાં તે પ્રમાણે પ્રવર્તવાની શક્યતા ન હોય ત્યારે આવું-પરિણતિપૂર્વકનું જ્ઞાન 'આમ કરવું જોઈએ, પણ થતું નથી' અથવા તો 'આમ નથી કરતો'-તેનો પશ્ચાત્તાપ કરાવે. પરિણતિ જ્ઞાન અકર્તવ્યના વર્જનમાં અને કર્તવ્યની ઉપાદેયતામાં શ્રદ્ધા કરાવે.

શ્રદ્ધા શબ્દ 'રુચિ' અર્થમાં છે. એટલે જ્ઞાનમાં જ્યારે મોહનીયના ક્ષયોપશમથી પરિણતિ ઉમેરાય ત્યારે જ્ઞાનમાં વિશ્વાસ અને રુચિ ઉત્પન્ન થાય છે. જે અંશમાં રુચિ ન હોય તે અંશમાં વિપરીત પરિણતિવાળું અજ્ઞાન થાય છે.

શ્રદ્ધા-રુચિ સાચી હોય પણ સમજણ ખોટી હોય તો જ્યારે સાચી સમજણ મળે ત્યારે ખોટી સમજ છૂટી જાય છે. શ્રદ્ધા સાચી હોવાથી ખોટી વાત પ્રત્યે વક્તા-પક્કડ નથી. માટે તેવી પરિસ્થિતિમાં તેવું જ્ઞાન 'જ્ઞાનાનુકૂળ પરિણતિ' વાળું કહેવાય છે.

**ટૂંકમાં, જે જ્ઞાન પરિણતિનું સાધક બને તેને જ જ્ઞાન કહેવાય. જે જ્ઞાન પરિણતિ સાધક ન બનતું હોય તે જ્ઞાનાભાવ યા અજ્ઞાન કહેવાય.**

જ્ઞાન અને રુચિ સાથે જ રહે છે એ બન્ને સાથે હોય ત્યારે જ તે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન કહેવાય છે અને આ જ્ઞાન-રુચિ, વિરતિનું કારણ બને છે.

મૂળમાં 'જ્ઞાન' એ પરિણતિનું સર્જન કરી રત્નત્રયીને સાધી આપે છે. માટે જ્ઞાનની સાથે સાથે પરિણતિના ઉદ્દેશને દૃઢ કરીએ એ જ....

...સંકલન...

**પરમ પૂજ્ય મુનિરાજશ્રી રત્નભાનુવિજયજી મહારાજ**

# હૃદયથી ચાલે તે વિહાર

પરમ પૂજ્ય આચાર્યશ્રી મહાબોધિ સૂરીશ્વરજી મહારાજ સાહેબ

અનંતકાળે પરમાત્માનું શાસન આપણને પ્રાપ્ત થયું. એક પ્રભુનું શાસન પ્રાપ્ત થતાની સાથે જ કેટલા બધા અંગો આપણને પ્રાપ્ત થઈ ગયા. ૧) સન્માર્ગ મળ્યો. ૨) સન્માર્ગ દાતા મળ્યા. ૩) સન્માર્ગદર્શક મળ્યા. ૪) સન્માર્ગસ્થ આત્મા મળ્યા.

આપણે વિસ્તારથી સમજીએ.

**૧) સન્માર્ગ :** ઈષ્ટ સ્થળે પહોંચવાની ઈચ્છાથી ચાલવું તે માર્ગ. હીલ સ્ટેશન વગેરે સ્થાને ભટકવા જવું તે ઉન્માર્ગ. જ્યારે રત્નત્રયીની આરાધના કરવી તે સન્માર્ગ.

તત્ત્વાર્થ સૂત્રનાં પ્રથમ અધ્યાયનું પ્રથમ સુત્ર છે...

**सम्यग्दर्शन ज्ञान चारित्राणि मोक्ष मार्गः ॥**

જિનશાસનમાં જન્મ લીધો એટલે આપણને વ્યવહારથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ ગણાય. પાઠશાળા અથવા ગુરુભગવંતની પાસે જવાથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જ્યારે જીવનમાંથી અભક્ષ્ય, નોનવેજ, કંદમૂળ વગેરેનો ત્યાગ કરવાથી આંશિક ચારિત્રની પ્રાપ્તિ થાય છે.

આપણે નસીબદાર છીએ... વર્તમાનકાળમાં આપણને આવી રત્નત્રયની પ્રાપ્તિ થઈ છે.

**૨) સન્માર્ગદાતા :** માર્ગને બતાવવો અલગ વાત છે, માર્ગને બનાવવો અલગ વાત છે. બતાવવા કરતા બનાવવામાં તકલીફ વધારે છે. રોડ બનતો ક્યારેય જોયો છે ? ખાડો ખોદવો પડે, રેતી અને કપચી ભરવી પડે, એની ઉપર ગરમાગરમ ડામર રેડવો પડે, ભરબપોરે- ઉનાળાની લાહ્ય જેવી ગરમીમાં પણ આ કામ ચાલુ રાખવુ પડે. મહા મહેનતે આવો રોડ તૈયાર થાય.

ભૌતિકમાર્ગ બનાવવામાં જો આટલી તકલીફ છે, તો સન્માર્ગ બનાવનાર પરમાત્માને કેટલી તકલીફ-કેટલા કષ્ટો પડ્યા હશે ?

નમુત્થુણં સૂત્રમાં મગ્ગદયાણં વિશેષણ દ્વારા પરમાત્માને માર્ગદાતા-સન્માર્ગદાતા તરીકે બિરદાવ્યા છે.

ભગવાન મહાવીરની અપેક્ષાએ વિચારીએ તો આગલા ત્રીજા ભવથી નંદન રાજર્ષિના ભવમાં જ પરમાત્માએ રોડ બનાવવાની પ્રક્રિયાનો પ્રારંભ કરી દીધેલ. ૧૧૮૦૬૪૫ માસક્ષમણની આરાધના, સવિ જીવ કરું શાસનરસીની ભાવના એ સન્માર્ગ બનાવવાની સાધનાનો પ્રારંભ હતો. જે અંતિમ ભવમાં વૈશાખ સુદ ૧૦ ના પૂર્ણ થયો. વૈશાખ સુદ ૧૧ ના મંગળ દિવસે આખા વિશ્વ માટે એને શાસનની સ્થાપના દ્વારા ખુલ્લો મૂક્યો. આ માર્ગ પર ચારિત્ર ગ્રહણ કરવા દ્વારા સહુથી પહેલો પગ મૂક્યો...ઈન્દ્રભૂતિ ગૌતમે એ પછી હજારો-લાખો શ્રમણ-શ્રમણી ભગવંતોએ આ માર્ગ પર આજ સુધીમાં પદાર્પણ કર્યુ છે. હજી સાડા અઢાર હજાર વર્ષ સુધીમાં લાખો સાધકો આ માર્ગમાં પ્રવેશ કરશે.

આપણે ભાગ્યશાળી છીએ...આવા પરમાત્માના શાસનમાં આપણને જન્મ પ્રાપ્ત થયો.

**૩) સન્માર્ગદર્શક :** રોડ પર ચાલતી વખતે વચ્ચે વચ્ચે જેમ સ્પીડ બ્રેકર, બંપ વગેરે આવે છે, તેમ વચ્ચે વચ્ચે સાઈન બોર્ડ આવતા હોય છે. ડાબે જાવ, જમણે જાવ વગેરે સૂચવવા.

પરમાત્મા તો માર્ગ બનાવી, ૩૦ વર્ષ સુધી જગતને માર્ગ બતાવી નિર્વાણ પામ્યા. આજ સુધી આ માર્ગ આપણા સુધી પહોંચાડનાર હોય તો કોણ ? એ છે સદ્‌ગુરુ ભગવંતો. સુધર્મા સ્વામીથી લઈને વર્તમાનનાં પૂજ્ય ગચ્છાધિપતિ આદિ ગુરુભગવંતો લાખો-કરોડો આત્માઓને આ માર્ગ બતાવતા આવ્યા છે. એટલે જ તો આજે આ શાસન આપણને પ્રાપ્ત થયું છે.

અપેક્ષાએ તીર્થંકર ભગવંત કરતા પણ ગુરુભગવંતનો ઉપકાર આપણા પર વધારે છે. ૨૫૦૦થી અધિક વર્ષ દરમિયાન આ શાસન પર અનેકાનેક આક્રમણો આવ્યા છે. એવા ભીષણ સમયે પણ આ ગુરુભગવંતોએ જાનના જોખમે આ શાસનની રક્ષા કરીને આપણા સુધી પહોંચાડ્યું છે.

આપણે ખરેખર પુણ્યશાળી છીએ...વર્તમાનના વિષમકાળમાં પણ સન્માર્ગદર્શક ગુરુભગવંતોની આપણને ભેટ મળી છે.

**૪) સન્માર્ગસ્થ :** સેંકડો વર્ષોથી ચાલી આવતા પ્રભુના માર્ગમાં હજારો-લાખો શ્રમણ-શ્રમણીઓ જોડાઈ ગયા છે-રહ્યા છે. તેઓ સન્માર્ગસ્થ છે.

જે સન્માર્ગમાં સ્થિર થાય તે સન્માર્ગસ્થ.

ચારેબાજુ જ્યારે ઉન્માર્ગના વાયરા વાતા હોય, અચ્છા અચ્છા સજ્જનોની પણ બુદ્ધિ બેર મારી જાય તેવું વાતાવરણ હોય...એવા કપરા કાળમાં પણ જે મહાપુરુષો ઉત્તમ સાધના કરી રહ્યા હોય...તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. આજના વિલાસપ્રચુર કાળમાં જ્ઞાન-ધ્યાન, તપ-ત્યાગ, વિનય-વૈયાવચ્ચ, સેવા-સમર્પણથી મઘમઘાયમાન ચારિત્રનું પાલન કરનારા શ્રમણ-શ્રમણીઓ આપણને મળ્યા છે. એ આપણા ભાગ્યની બલિહારી છે.

અહીં આવેલા વિહાર સેવા ગૃપના યુવાનોને પૂછવું છે...આ ચારમાંથી તમારો નંબર શેમાં ? તમારો જવાબ હશે...એકેયમાં નહિ. તો તમારા માટે પાંચમો પ્રકાર બતાવું.

**૫) સન્માર્ગસહાયક :** જેઓ સંસાર છોડી કાયમ માટે સન્માર્ગમાં સ્થિર થઈ ગયા છે. તેવા સાધકોને જેઓ સહાય કરે તે સન્માર્ગ સહાયક.

અહીં આવેલા યુવાનોને હું સન્માર્ગ સહાયક તરીકે ઓળખાવું છું. રોજ સવારે વહેલા ઉઠી પૂજનીય ગુરુભગવંતોને એક સ્થાનેથી બીજે સ્થાન-૧૦/૧૨ કિલોમીટર ચાલીને પહોંચાડવા. એમના સંયમજીવનની સાધનામાં આ રીતે સહાય કરવી-સહાયક બનવું તે તમારું મુખ્ય કર્તવ્ય છે.

ગુરુભગવંતો સાથે તમે ચાલો છો, એ ભૌતિક દૃષ્ટિએ ભલે માર્ગ પર ચાલો છો, હકીકતમાં તમે સન્માર્ગ પર ચાલો છો. એક અપેક્ષાએ આ સમ્યક્ ચારિત્રની આરાધના છે.

પ્રવચન સારોદ્ધારમાં સાધુ/સાધ્વીજીને વિહાર દરમિયાન સહાય કરવી, અશુભ તત્ત્વોથી એનું રક્ષણ કરવું...એ વૈયાવચ્ચ સમાધિ નામના સત્તરમાં સ્થાનની આરાધનારૂપે બતાવેલ છે. જેમ ઉપવાસ કરીને કેટલાક આરાધકો વીશસ્થાનકની આરાધના કરે છે. તેમ પ્રેક્ટિકલી સેવા વગેરે કરવા દ્વારા પણ વીશસ્થાનકની આરાધના કરી તીર્થંકર નામ કર્મ બંધાય છે. એટલે એમ કહી શકાય કે શ્રમણોની વિહાર સેવા દ્વારા આલોકમાં તો અઢળક પુણ્ય બંધ થાય છે. પરલોકમાં દેવ, દેવેન્દ્ર, ચક્રવર્તી યાવત્ તીર્થંકરનામ કર્મ સુધી પહોંચી શકાય છે.

ભગવાન મહાવીરનો આત્મા નયસાર દેખીતી રીતે ભલે દ્રવ્યમાર્ગ પર ચાલતો હોય, પણ હકીકતમાં એણે ભાવમાર્ગ પર ડગ માંડેલાં. શ્રમણોને માર્ગ બતાવવા દ્વારા પોતે જ મોક્ષમાર્ગ સ્વરૂપ સમ્યગ્દર્શનને પામ્યા હતાં.

ટૂંકમાં, ચાલવું એ મહત્ત્વનું નથી...કોની સાથે ચાલો છો, એ મહત્ત્વનું છે. રોજ સવારે વહેલા ઉઠીને હજારો-લાખો-લોકો દોડવા-ચાલવાની ક્રિયા કરે છે, ગાય, બળદ, ઘોડા પણ રોડ પર ચાલતાં-દોડતાં દેખાય છે...પણ એમની આ ક્રિયાને નિર્જરાકારી ક્રિયા નહિ કહેવાય. કારણકે આ ક્રિયાના કેન્દ્રમાં શરીર યા ગતાનુગતિકતા છે. જ્યારે સાધુ ભગવંતોની સાથે તમારા દ્વારા થતો વિહાર કર્મક્ષય કરાવનાર છે. કારણકે કેન્દ્રમાં શ્રમણો છે. શ્રમણોનું સંયમ છે. આવા શ્રમણ ભગવંતો સાથે જે પણ યુવાનો વિહારમાં જાય છે, તે પરાણે નહિ પણ હૃદયથી જતા હોય છે.

એક મજાનું સૂત્ર છે...

પગથી ચાલે તેને પ્રવાસ કહેવાય.
હૃદયથી ચાલે તેને વિહાર કહેવાય.

આવા હજારો વિહાર સેવા ગૃપના યુવાનોની ભક્તિને લીધે ભૂતકાળ કરતાં વર્તમાનકાળમાં એક્સીડંટની સંખ્યા ઘટતી ચાલી છે એ પણ હકીકત છે.

અંતમાં એટલું જ કહેવાનું...બીજા બધા યોગોને ગૌણ કરીને પણ વિહાર સેવાને મુખ્ય બનાવજો. શ્રમણોની સાથે વિહાર કરીને તમે એમને-એમની સમાધિને નિશ્ચિંત કરો છો. જે બીજાની સમાધિ રિઝર્વ કરે એની પોતાની સમાધિ આપોઆપ રિઝર્વ થઈ જ જાય...એમાં બેમત નથી.

આવી વિહારસેવામાં નિઃસ્વાર્થભાવે તમે સહુ જોડાયેલા રહો એ જ મંગળકામના...

(કલિકુંડ તીર્થ મધ્યે પોષ વદ ૧૪ તા.૭-૨-૧૬ ના રવિવારે થયેલ વિહાર સેવા ગૃપ કેપ્ટન સંમેલનમાં અપાયેલ પ્રવચન)

# એક વચનથી અજવાળું

(૧) આરાધનામાં કદાગ્રહ ગર્ભિત પ્રતિબદ્ધતા-પક્કડ એ મોક્ષ ભાવથી વંચિત રાખે છે.

**- ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨) ધનના લોભ અને કામના રાગથી જગતના જીવો દુઃખી થાય છે.

**- આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૩) કોઈપણ દુઃખ અંદરના દોષનું દુઃખ છે. હજી લોભ ન છૂટે એ બને, પણ તેનો પક્ષપાત ભૂંડી વસ્તુ છે.

**- આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૪) રાગ-દ્વેષનો ક્ષય એ ઉપરની ભૂમિકા છે. જેમ રાગ-દ્વેષમાં ન તણાવા પણું એ માધ્યસ્થ પણું છે. અને શાસ્ત્રોમાં પણ માધ્યસ્થને મોટો ગુણ કહ્યો છે.

**- આચાર્ય શ્રી જગત્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૫) રાગદ્વેષ આત્માના દુશ્મન નંબર વન છે. સાધકનું એકમાત્ર લક્ષ્ય આ દુશ્મનો પર વિજય મેળવવાનો છે.

**- આચાર્ય શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૬) પરિણતિ વિનાનો ધર્મ પરમાત્મપદના લક્ષ્યને વિખેરી નાખે છે.

**- આચાર્ય શ્રી જગવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૭) તમારી સાથે જેઓ હૃદયથી વાત કરે છે એને બુદ્ધિથી જવાબ આપવાનું પાપ નહિ કરતાં.

**- આચાર્ય શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૮) કાંટાઓ ઓછા હોય એ નહીં પણ પુષ્પો ચિક્કાર હોય એ છોડ જ જો શ્રેષ્ઠ ગણાય છે. તો દુઃખો ઓછાં હોય એ નહીં પણ સાત્ત્વિક પ્રસન્નતા ભરપૂર હોય એ જીવન જ શ્રેષ્ઠ ગણાય છે.

**- આચાર્ય શ્રી કુલચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૯) પ્રસિદ્ધિ પબ્લિસીટી મેળવવા માટે સત્યના વાઘા પહેરીને અસત્ય ખૂબ બોલકું બની જાય છે પણ એ બિચારું અલ્પ સમયમાં ઉઘાડુ પડી ગયા વિના રહેતું નથી.

**- આચાર્ય શ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૦) જૈન સાધુ જ વર્તુળમાંથી ક્ષિતિજ સુધી પહોંચી શકે.

**- આચાર્ય શ્રી ચંદ્રજિત્સૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૧) સેંકડો ભવોની સાધના પછી બોધિ (સમ્યગ્દર્શન) પ્રાપ્તિ કર્યા પછી પણ મોહથી, રાગથી, ઉન્માર્ગ દર્શનથી તથા ગૌરવવશ સાથે વિરતિ-દેશ વિરતિ-સર્વ વિરતિ પ્રાપ્તિ અતિ દુર્લભ છે.

**- આચાર્ય શ્રી વરબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૨) ગુણો જાતને 'ગુણવાન્' બનાવવા માટે છે, 'ગુણવાન્' બતાવવા માટે નહીં.

**- આચાર્ય શ્રી અભયશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૩) મારી સૌથી નજીક કોણ ? મારી આંખના આંસુ લુંછે એ મારી નજીક નથી પણ જેને યાદ કરતાં મારી આંખમાં આંસુ આવે તે મારી સૌથી નજીક છે.

**- આચાર્ય શ્રી પદ્મસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૪) બહુ ઓછા જીવોને બહુ ઓછા કાળ માટે ઘણા લાંબા કાળને અંતે માનવભવ મળે છે તેથી માનવભવની એક એક ક્ષણને વાવવાની છે, એ કોઈ વેડફવા નથી મળી.

**- આચાર્ય શ્રી મુક્તિદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૫) 'ધમ્મં શરણં પવજ્જામિ' તમામ સમસ્યાઓનું નિરાકરણ છે.

**- આચાર્ય શ્રી પુણ્યરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૬) પ્રભુ સાથે સંબંધ બાંધ્યા પછી સંસાર સહજતાથી ખરી પડે.

**- આચાર્ય શ્રી વિશ્વકલ્યાણસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૭) ધારેલું થાય નહિ ન ધાર્યું થાય તેનું નામ સંસાર.

**- આચાર્ય શ્રી અભયચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૮) ભેગો થયેલો કચરો રોગચાળાનું કારણ છે. ભેગો થયેલો પૈસો ભોગચાળાનું કારણ છે.

**- આચાર્ય શ્રી કુલબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૯) વૈરાગ્ય પૂર્વકનો ભોગી સંસારી છે તો વૈરાગ્ય પૂર્વકનો ત્યાગી એ સાધુ છે.

**- આચાર્ય શ્રી યશોરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૦) પુણ્યના ઉદયમાં આફત પણ આશિષ બને. પાપના ઉદયકાળમાં સંપત્તિ પણ વિપત્તિરૂપ બને.

**- આચાર્ય શ્રી અક્ષયબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૧) મેદાનમાં હારનારા હજી જીતી શકે છે, પણ મનથી હારી ચૂકેલાઓ માટે વિજયના દરવાજા કાયમ માટે બંધ થઈ જાય છે.

**- આચાર્ય શ્રી મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૨) 'પૈસા વિના સુખ નથી' આ સૂત્રને ભૂલો.
'ધર્મ વિના સુખ નથી' આ સૂત્રને અપનાવો.

**- આચાર્ય શ્રી રવિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૩) વસ્તુનું અપૂર્ણ દર્શન કરવાથી રાગ થાય અને સંપૂર્ણ દર્શનથી વિરાગ થાય.

**- આચાર્ય શ્રી હરિકાંતસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૪) સીનિયર જે આંતર નિરીક્ષણ કરી શકે. See near એજ Senear કહેવાય.

**- આચાર્ય શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૫) શરીરનો ભાર ચરણ પર છે. એમ જ્ઞાનનો બધો ભાર આચરણ પર છે.

**- આચાર્ય શ્રી અજિતશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૬) સંસ્કૃતિ એ અમૃત છે, જીવન છે. સંજીવની ઔષધ છે, જ્યારે વિકૃતિ ઝેર છે, મોત છે.

**- આચાર્ય શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૭) તમારામાં રહેલી એકાદ અપૂર્ણતા કે ઉણપને એવી પ્રભાવશાળી ક્યારેય ન બનવા દેતા કે તમારી હજારો વિશેષતાઓ અને ખૂબીઓને તમે માણી ન શકો...

**- આચાર્ય શ્રી મુક્તિવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૮) ઊભી થયેલી પરિસ્થિતિના સ્વીકારમાં સુખ છે, ઈન્કારમાં દુઃખ છે. સત્કારમાં સુખ છે, પ્રતિકારમાં દુઃખ છે. જે સંયોગોની સામે પડકાર ઊભો કરે છે, તેના જીવનમાં તકરાર ઊભી થયા વિના રહેતી નથી. જો દુઃખને પેદા કરનાર ઈન્કાર, પ્રતિકાર અને તકરારથી બચવું હોય તો સહિષ્ણુતાગુણને જીવનમાં ખીલવવો જ જોઈએ.

**- આચાર્ય શ્રી મેઘદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૯) મનુષ્યભવની ગંભીર ભૂલ : મુખ્ય પદાર્થ (શુદ્ધિ) ને ગૌણ કરવો અને ગૌણ પદાર્થ (સુખ)ને મુખ્ય બનાવવું તે છે.

**- આચાર્ય શ્રી જિનસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૩૦) નીડરતા એ ગુણ છે, પણ પાપ સંબંધમાં અવગુણ છે.

**- આચાર્ય શ્રી મલયકીર્તિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૩૧) વિરતિ માટે પરિણામ અને પચ્ચક્ખાણ બન્ને જોઈએ. દા.ત. દેવો હજારો વર્ષો અન્નનો એક પણ દાણો નથી લેતા છતાં તેમને વિરતિ કહેવાતી નથી.

**- આચાર્ય શ્રી હંસકીર્તિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૩૨) અજ્ઞાન-સાચું સમજવા ન દે, સ્વાર્થ-સાચું કરવા ન દે.

**- આચાર્ય શ્રી હર્ષવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૩૩) સારા રસ્તે ધન વાપરવા કરતાંય સાચા રસ્તે ધન કમાવું એ આજના કાળનો બહુ મોટો પડકાર છે.

**- આચાર્ય શ્રી જિનેશરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૩૪) ફરિયાદ એ વિષમતાની નિશાની છે. પર્યાયદૃષ્ટિ વિષમતા પેદા કરે છે. દ્રવ્યદૃષ્ટિ સમતા પેદા કરે છે.

**- આચાર્ય શ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

# સમાચાર સાર

**ગોરેગામ-કાંદિવલી-મુંબઈ :** પરમ પૂજ્ય આચાર્ય**શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પરમ પૂજ્ય આચાર્ય**શ્રી અજિતશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ** આદિ સાધુ-સાધ્વીજી ભગવંતોની શુભ નિશ્રામાં શ્રી જવાહરનગર મધ્યે પોષ સુદ ૮ ના શુભ દિને પરમ પૂજ્ય પંન્યાસ**શ્રી ઉદયપ્રભવિજયજી મહારાજ**ને આચાર્યપદ પ્રદાન તથા **શ્રી સુરેશભાઈ (મલાડ)**, મદ્રાસના બે બાળકો તથા એક બેનની ભાગવતી પ્રવ્રજ્યા ખૂબજ ઉલ્લાસપૂર્વક સંપન્ન થઈ. મુમુક્ષુ**શ્રી સુરેશભાઈ**નું શુભ નામ પરમ પૂજ્ય મુનિરાજ**શ્રી સંવેગયશવિજયજી મહારાજ** પાડવામાં આવ્યું હતું. ત્યારબાદ કાંદિવલીના શ્રી વાસુપૂજ્યસ્વામી જૈન સંઘ, મહાવીર નગરના આંગણે મહા સુદ ૧૨ ના શુભ દિને મુમુક્ષુ જિનલબેનનો પ્રવ્રજ્યા સ્વીકાર મહોત્સવ ખૂબજ આનંદસભર વાતાવરણમાં સંપન્ન થયો, જેઓ પરમ પૂજ્ય સાધ્વી**શ્રી જિનાગમ નિધિશ્રીજી** ના નૂતન નામે આરૂઢ થયા.

આ બંને પ્રસંગનું સંચાલન **શ્રી સંજયભાઈ વખારીયા** દ્વારા કરવામાં આવ્યું હતું.

**અમદાવાદ-મહેસાણા :** પરમ પૂજ્ય આચાર્ય**શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પરમ પૂજ્ય આચાર્ય**શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની નિશ્રામાં શ્રી વર્ધમાન જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ મધ્યે શ્રી સંભવનાથ જિનાલયની ૫૦ મી સાલગીરી પ્રસંગે પંચાહ્નિકા મહોત્સવ યોજાયો, જેમાં ૧૮ અભિષેક મહાપૂજન, 'હું પાપી, તું પાવન' અને 'ધન ધન મુનિરાજ' જેવા સંગીત મઢ્યા કાર્યક્રમ તથા ભવ્ય રથયાત્રાના આયોજન થયા હતા.

મહેસાણા ઉપનગર જૈન સંઘના આંગણે પરમ પૂજ્ય સાધ્વી**શ્રી ગંભીરરેખાશ્રીજી**ની ૧૦૦ મી વર્ધમાન તપની ઓળીનું શાનદાર પારણું થયું. જેમાં સામૂહિક ૧૧૦૦ આયંબિલ, ૩૦૦ શુદ્ધ આયંબિલ થયા હતા.

તપસ્વીની સાધ્વીજી ભગવંતે સળંગ છેલ્લા ૧૦૦ આયંબિલ ફક્ત ભાત-પાણીના, એમાં સુદર્શન ચૂર્ણ ભેળવીને, અવઢ્ઢના પચ્ચક્ખાણે, ઠામ ચોવિહાર સહિત માત્ર હાથ અને મોઢું જ હલે એવા એકલઠાણે પૂર્ણ કર્યા.

આ પ્રસંગે **શ્રી દિપકભાઈ બારડોલીવાળા** દ્વારા 'પ્રભુ ! તારી કરૂણા' ની સંવેદના, ૧૮ હજાર સાધુ વંદના, શ્રી સીમંધર સ્વામી પ્રભુની ભાવયાત્રા જેવા ભક્તિસભર આયોજનો થયા હતા.

**મુંબઈ :** પરમ પૂજ્ય આચાર્ય**શ્રી મેઘદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની સૂરિમંત્ર પંચ પ્રસ્થાનની સળંગ આરાધના મહા વદ ૮ ના દિને, સંપૂર્ણ મૌન તથા એકાંતવાસમાં વિશિષ્ટ અનુભૂતિ સહિત સંપન્ન થઈ. સનરાઈઝ વેનેશીયા પરિવારના આમંત્રણે આ અનુષ્ઠાને સૂરિમંત્ર પંચ પ્રસ્થાન વિષયક 'આર્ટ ગેલેરી', 'નમો સૂરિરાજા', 'હાકડ પડી છે જિનશાસનની' તથા 'સૂરિમંત્રના વધામણાં' જેવા વિધ-વિધ આયોજનો થયા હતા.

**ખંભાત :** ખંભાત નગરે શ્રી સ્થંભન તીર્થ મધ્યે મુનિ**શ્રી મેરૂચંદ્રવિજયજી મહારાજ** તથા પરમ પૂજ્ય પંન્યાસ**શ્રી હિરણ્યબોધિવિજયજી મહારાજ**ની નિશ્રામાં પ્રભુશ્રી પાર્શ્વનાથજીના જન્મ-દીક્ષા કલ્યાણકની ઉલ્લાસપૂર્વક ઉજવણી અને આરાધના સંપન્ન થઈ. ત્રિદિવસીય ભક્તિ-સભર અનુષ્ઠાનોમાં ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન, ભવ્ય રથયાત્રા તથા ખંભાતના ૭૫ દેરાસરના પૂજારી ભાઈઓનું બહુમાન કરવામાં આવ્યું હતું.

**અમદાવાદ :** શ્રી આદિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નારણપુરા મધ્યે પરમ પૂજ્ય પંન્યાસ**શ્રી મુનીશરત્નવિજયજી મહારાજ**ની નિશ્રામાં તેમના બા મહારાજ પરમ પૂજ્ય સાધ્વી**શ્રી ગિર્વાણરેખાશ્રીજી**ની પ્રથમ માસિક પુણ્યતિથિએ ત્રિદિવસીય મહોત્સવ યોજાયો. ૫૬ વર્ષની વયે સંયમ સ્વીકારી ૨૭ વર્ષનું સંયમ જીવન પ્રભુની આજ્ઞા મુજબ વહન કર્યું. પરમાત્મ ભક્તિ સ્વરૂપ 'ઋષભની શોભા શી કહું', 'સદ્‌ગુરુ શરણં મમ' આદિ અનુષ્ઠાનોએ સારી એવી ઉપસ્થિતિ રહી હતી.

**અમદાવાદ :** પરમ પૂજ્ય આચાર્ય**શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પરમ પૂજ્ય પંન્યાસ**શ્રી સંયમબોધિવિજયજી મહારાજ સાહેબ**ની નિશ્રામાં શ્રી ભુવનભાનુસૂરિ શાસનસેવા સદન તથા શ્રી ભુવનભાનુસૂરિ શાસ્ત્રસંગ્રહ ઉદ્‌ઘાટન અને સંઘાર્પણ પ્રસંગ મહા વદ ૫ ના દિને સાનંદ સંપન્ન થયો.

**પોટનેર-મહારાષ્ટ્ર :** શ્રી કોંકણ પાર્શ્વ જૈન તીર્થધામ ટ્રસ્ટ મંડળ, પોટનેર મધ્યે પરમ પૂજ્ય પંન્યાસ**શ્રી રશ્મિરાજવિજયજી મહારાજ** આદિની શુભ નિશ્રામાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા અષ્ટાહ્નિકા મહોત્સવ (મહાવદ ૧૧ થી ફાગણ સુદ ૪) અંતર્ગત ખૂબજ આનંદપૂર્વક સંપન્ન થઈ તથા શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજાનું સુંદર અનુષ્ઠાન થયું હતું. આ દરમ્યાન કોંકણ પ્રભાવક, બાલ પ્રતિબોધક સ્વ. પરમ પૂજ્ય મુનિરાજ**શ્રી પ્રશાંતવિજયજી મહારાજ**ની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા પણ ખૂબજ ઉલ્લાસભેર થઈ હતી.

**સમૌ-ગુજરાત :** પરમ પૂજ્ય આચાર્ય**શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પરમ પૂજ્ય પંન્યાસ**શ્રી કનકસુંદરવિજયજી મહારાજ** આદિની શુભ નિશ્રામાં શ્રી સમૌ જૈન સંઘના પ્રાંગણમાં શ્રી સંઘ સ્વદ્રવ્યરચિત, ત્રિશિખરીય શ્રી શેષફણા પાર્શ્વનાથ, શ્રી કુંથુનાથ ભગવાન તથા શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના જિનાલયની પ્રથમ સાલગીરીએ ઉત્સાહના મોજા સર્વના અંતરમાં ઉછળી રહ્યા હતાં.

ત્રિદિવસીય ઉત્સવ વધામણાના પ્રસંગે (મહા સુદ ૧૨ થી મહા સુદ ૧૪) ૧૮ અભિષેક, અર્હદ અભિષેક તથા ભવ્યાતિભવ્ય રથયાત્રા દ્વારા સમસ્ત ગામમાં જિનશાસનના જયનાદો ગૂંજી ઊઠ્યાં હતા.

**પાલીતાણા :** પરમ પૂજ્ય આચાર્ય**શ્રી રવિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની નિશ્રામાં કલિકુંડથી શ્રી શત્રુંજય મહાતીર્થનો છ'રી પાલિત સંઘ અનેક તીર્થોની સ્પર્શના-વંદના કરતા-કરતા શ્રી ગિરિરાજની ગોદમાં પોષ વદ ૯ ના દિવસે પહોંચ્યો. બીજા દિને સંઘમાળ થઈ. **શ્રીમતી મગનીબાઈ નેમીચંદજી ગોવાજી વાડેલીયા સોલંકી પરિવાર**ના આયોજને ૧૪ દિવસીય સંઘમાં લગભગ ૮૦ જેટલા સાધુ-સાધ્વીજી ભગવંતો, ૧ હજાર યાત્રિક ગણ ઉપરાંત કાર્યકર્તા અને સ્ટાફ, હાથી-ઘોડા-ઊંટગાડી તથા પ્રભુજીનો રથ આકર્ષણરૂપ બન્યાં હતા. સંઘ દરમ્યાન અનેક આરાધના-અનુષ્ઠાનો થયા. શ્રી શત્રુંજય ગિરિરાજની ભાવયાત્રા, વધામણાં, સંઘમાળ, બહુમાનાદિ પણ સુંદર રીતે સંપન્ન થયા.

**વડનગર (ઉ.ગુ.) :** પરમ પૂજ્ય મુનિરાજ**શ્રી પદ્મરત્નવિજયજી મહારાજ**, પરમ પૂજ્ય મુનિરાજ**શ્રી સત્યકાંતવિજયજી મહારાજ** આદિની નિશ્રામાં શ્રી ચૌટાવાલા જિનાલય અને શ્રી બાવન જિનાલયની સાલગીરીનો પ્રસંગ અષ્ટાહ્નિકા મહોત્સવ સાથે સંપન્ન થયો.

આ પ્રસંગે શ્રી શક્રસ્તવ અભિષેક, શ્રી અઢાર અભિષેક તથા શ્રી સિદ્ધચક્ર મહાપૂજન જેવા સુંદર અનુષ્ઠાનો આકાર પામ્યા હતા.

**શંખેશ્વર તીર્થ :** પરમ પૂજ્ય આચાર્ય**શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પરમ પૂજ્ય આચાર્ય**શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની પાવન નિશ્રામાં **શ્રીમતી સવિતાબેન પન્નાલાલ છોગમલ શાહ રિલીજીયસ ટ્રસ્ટ** આયોજીત શ્રી શંખેશ્વર મહાતીર્થમાં ઉપધાન તપ દ્વારા આત્મ જાગૃતિનો સુઅવસર સાનંદ સંપન્ન થયો.

કુલ ૭૦૦ આરાધકોમાંથી ૩૨૫ માળારોપણ થઈ ત્યારે ૨૦ હજારથી વધુ જનમેદની ઉપસ્થિત રહી હતી. આરાધકોમાં અમેરીકા, ઓસ્ટ્રેલિયા તથા દુબઈથી પણ આવીને આરાધકો જોડાયાં હતા.

૧૦૦થી અધિક શ્રમણ-શ્રમણી ભગવંતોની શુભ ઉપસ્થિતિ વચ્ચે અનેકાનેક અનુષ્ઠાનો થયાં. શ્રી પાર્શ્વપ્રભુના પાંચ કલ્યાણકની ઉજવણી, તપ સંવેદના, શ્રી સીમંધરસ્વામીની ભાવયાત્રા, ગુરુ ગુણ વંદના, ૧૮૦૦૦ સાધુ વંદના, ઋણસ્વીકાર તથા ભવ્ય શોભાયાત્રાના આયોજનો થયા હતા.

**શ્રી શત્રુંજય સત્કાર :** પરમ પૂજ્ય આચાર્ય**શ્રી મુક્તિવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પરમ પૂજ્ય પંન્યાસ**શ્રી ઉદયવલ્લભવિજયજી મહારાજ** આદિની પ્રેરણાને ઝીલી શ્રી સમકિત યુવક મંડળ (બોરીવલી) દ્વારા ગિરિરાજની અનન્ય અને દિવ્ય ભક્તિ છેલ્લાં દસ વર્ષથી સતત ચાલી રહી છે. લગભગ ૪૦૦ યુવાનોની ટીમે અંદાજિત ૬૮૭ મોટી ગુણી ભરીને કાજો (ગિરિરાજ પર ફેંકાયેલ પ્લાસ્ટીક વગેરે) અત્યંત વિકટ સ્થળે જઈને નીચે ઉતાર્યો હતો. દર અઠવાડીયાના શુક્ર-શનિ-રવિવારે મુંબઈથી ત્રણ યુવાનો ગિરિરાજના બાબુના દેરાસરના પાર્શ્વદ્વારના પરિસરે ઊભા રહી યાત્રિકોને પ્લાસ્ટીક વગેરે ન લઈ જવા વિનંતી કરી સમજાવે છે. યાત્રિક પાસેથી પ્લાસ્ટીક થેલી લઈ નોન-વુવન મટેરીયલની બેગ/થેલી નિઃશુલ્ક અપાય છે, જે અત્યાર સુધી સવા લાખથી વધારે આપવામાં આવી હશે. લગભગ ૮ થી ૯ હજાર યાત્રિકો દ્વારા ગિરિરાજ ઉપર કચરો ફેંકીશ નહિ અને કોઈ આશાતના કરીશ નહિ એવા સંકલ્પ પત્રો પણ ભરાયા હતા. ડોલીવાળા દ્વારા પોતાના ભાતા માટે (શાક લઈ જવા) પ્લાસ્ટીક થેલી વાપરતા. ગુરુ ભગવંતોની દુરંદેશીને ઝીલીને લગભગ પરવાના ધારક લગભગ ૧૨૫૦ ડોલીવાળાઓને સ્ટીલનું ટીફીન આપવામાં આવ્યું. જેમાં બુંદી ભરવામાં આવી. ઉપરાંત ૧ કીલો બાજરી, ૧ કીલો જુવાર અને ગોળનો એક રવો બહુમાન કરી આપવામાં આવ્યો હતો.

સોનામાં સુગંધ અને પરમ અનુભૂતિના સુંદર પ્રસંગ રૂપે આ વખતે 'શ્રમણોથી શોભતો શત્રુંજય ગિરિરાજ'ના અનુષ્ઠાને ગ્લાન-વૃદ્ધ-વડીલ-બિમાર શ્રમણ-શ્રમણી ભગવંતોને (લગભગ ૯૦ જેટલા) ગિરિરાજની તથા મોટાભાગે નવટૂંકની યાત્રા કરાવવામાં આવી. દરેક મહાત્માની સાથે એક યુવાન તેમને ભક્તિ-વૈયાવચ્ચ માટે ધર્મશાળાથી પાછા ધર્મશાળા સુધી ઉપસ્થિત રહ્યો હતો. મિલન દરમ્યાન આ ૯૦ યુવાનના અનુભવ સાંભળી સહુના આંખ અને અંતરીયા ભીનાં-ભીનાં થઈ અનરાધાર બન્યા હતા. ગિરિરાજના તમામ પ્રભુની પૂજા, નવટૂંકના મૂળનાયક પ્રભુની પ્રદક્ષિણા-સ્તુતિ-ઘંટારવ તથા ભંડાર પૂરતા પૂરતા આરાધકો ઝૂમી ઊઠ્યાં હતા. ગિરિરાજને અક્ષતથી, ડમરા અને ફૂલોથી અને હીરામોતીથી વધાવતા, કેટલાયે કર્મો વધેરાતા હશે તેનું ગણિત શક્ય જ નથી.

અદ્‌ભુત-અવર્ણનીય અને અજોડ ગિરિભક્તિનું અવ્વલ ઉદાહરણ શ્રી સમકિત યુવક મંડળના દરેક યુવાનોએ પૂરું પાડ્યું છે. તેઓની અમાપ ભક્તિની અમે સહુ અનુમોદના કરીએ છીએ ! આ સંપૂર્ણ આયોજનનો લાભ **માતુશ્રી મંજુલાબેન રમણલાલ વાડીલાલ શાહ પરિવાર ચાણસ્માવાળા (આનંદમંગલ પરિવાર)**એ લીધો હતો.

## પ્રેરક પ્રસંગો

### ૫૧. પરધન પથ્થર માનીએ

એક જમીનદારે એક દિવસ કોઈ ગરીબ વિધવા બાઈનું ખેતર સરકારમાં લાંચ આપીને પડાવી લીધું, પોતાના નામે કરાવી લીધું. વિધવા સ્ત્રી જમીનદાર પાસે ખૂબ કરગરી. શેઠ ! જે ગણો તે મારી આ મૂડી છે. મારા ઘરે કમાનાર કોઈ નથી. ઘરમાં ત્રણ બચ્ચા છે. અમારે ખાવાના પણ ફાંફા પડી જશે. પણ જમીનદાર એકના બે ન થયા.

અંતે-આ ભલી સ્ત્રીએ પણ મનોમન વિચાર્યું : ગયા ભવના મારા કોઈ કર્મના ઉદયને લીધે આજે મારું ખેતર ભલે હાથમાંથી ચાલી ગયું...મારે એની સામે કોઈ કોર્ટે કેસ કરવો નથી.

એક દિવસ આ સ્ત્રીએ એ જ જમીનદારની પાસે જઈને કહ્યું: ભાઈ ! મારું ખેતર તમે લઈ લીધું...એનો વાંધો નથી. હું બીજે ગામ જઈને મજુરી કરી લઈશ. પણ મારા ખેતરમાંથી એક ટોપલા જેટલી માટી મને લઈ લેવા દો.

જમીનદારે 'હા' કહેતાં બાઈ પોતાના ખેતરમાં ગઈ. જમીનદારને વિશ્વાસ ન બેસતાં એ બાઈની પાછળ પાછળ ગયો. બાઈએ રડતાં રડતાં માટી ખોદીને ટોપલો ભર્યો. ટોપલો ભારે થઈ જતા બાઈએ જમીનદારને કહ્યું : જરા ટોપલો માથે ચડાવી આપજોને !

જમીનદારે વજનદાર ટોપલો બાઈના માથે ચડાવતાં કહ્યું: આટલો ભાર ઉંચકીશ તો ક્યાંક મરી જઈશ. આટલો ભાર શા માટે ઉંચકે છે ?

બાઈએ સામે સણસણતો તમાચો મારતી હોય એમ જવાબ દીધો : એક ટોપલો ઉંચકવાથી જો હું મરી જઈશ તો બીજાનું આખે આખું ખેતર આંચકી લેવાથી તમારું શું થશે ? આટલો ભાર ઉંચકીને તમે ક્યાં જશો ?

કાપો તો લોહી ન નીકળે એવી જમીનદારની સ્થિતિ થઈ ગઈ. એને પોતાની ભૂલ સમજાઈ જતાં ગરીબ સ્ત્રીનું ખેતર એણે પાછું એના નામે કરાવી દીધું.

### ૫૨. કોણ પાપી ?

એક સાધુ શિવાલયમાં રહી શિવની ભક્તિ કરતો. એના આશ્રમની સામે જ વેશ્યાનું ઘર હતું. વેશ્યાને ત્યાં આવતાં લોકોને જોઈને સાધુને ખૂબ ગુસ્સો આવતો. એક દિવસ એનાથી ન રહેવાયું. એણે વેશ્યાને કહી દીધું : અરે પાપિણી ! આટલું પાપ કરે છે, તો તારી ગતિ શું થશે ?

વેશ્યાને સંતની વાણીથી લાગી આવ્યું. એને પોતાના કૃત્યો પર શરમ આવી. તેમ છતાં એનું નામ અતિપ્રસિદ્ધ હોવાથી રોજ રોજ લોકો આવ્યા જ કરતાં. સંત બેઠા બેઠા જોયા કરતા, અને એકેક માનવીના એકેક પથ્થર મૂક્યા કરતાં. આમને આમ પથ્થરનો મોટો ઢગલો થતો ગયો.

એક દિવસ સાધુએ વેશ્યાને બોલાવી કહ્યું : જો, આ તારા પાપનો ઢગલો. મરીને તારે ક્યાં જવું છે ? સુધર, આ ભવમાં નહિ સુધરીશ તો ક્યારે સુધરીશ ?

વેશ્યાને પોતાની જાત પર તિરસ્કાર છૂટ્યો. એણે કાયમ માટે પોતાના પાપના ધંધા બંધ કરી દીધા. હવે રોજ પરમાત્માને યાદ કરીને પ્રાર્થના કરવા લાગી...હે દિનદયાળ પ્રભુ ! તું મારો ઉદ્ધાર કર. હું પાપી છું. આમ ને આમ પશ્ચાત્તાપ કરતાં વેશ્યા એક દિવસ મૃત્યુ પામી. બરાબર એ જ દિવસે સાધુનું પણ મૃત્યુ થયું.

મૃત્યુ સમયે વેશ્યાને લેવા વિષ્ણુદૂત આવ્યા. અને સાધુને લેવા યમદૂત આવ્યા. યમદૂતને જોઈ સાધુ બોલ્યા : અરે, અરે ! તમે ભૂલો છો. આમ અદલા બદલી કેમ કરી ?

યમદૂતે કહ્યું : સંતજી ! ભૂલ અમારી નથી થઈ, તમારી થઈ છે. તમે સંત હોવા છતાં ઘડીભર ઈશ્વરનું ભજન નથી કર્યું, માત્ર વેશ્યાના પાપો જ ગણ્યા છે. માટે તમારા હૃદયમાં જ પાપ ભરાયું છે. જ્યારે વેશ્યાએ તો પોતાના પાપોનો પશ્ચાત્તાપ કરી કરીને પોતાનું પાપ બાળી નાખ્યું છે.

આ સાંભળી સાધુની બોલતી બંધ થઈ ગઈ.

: લેખક :

**પરમ પૂજ્ય આચાર્યશ્રી મહાબોધિસૂરિજી મહારાજ સાહેબ**

(અનુસંધાન પાના નં. ૮૪ નું)

નિશ્રામાં શ્રી સંઘના ટ્રસ્ટી**શ્રી ધનેશભાઈ**ના ગૃહાંગણે પૂજ્યોના પગલા-પ્રવચન-પૂજન-પ્રભાવનાદિ થયા. બપોરે મહિલા મંડળ દ્વારા પાર્શ્વપંચ કલ્યાણક પૂજા જિનાલયમાં ભણાવાઈ.

**આંબાવાડી પ્રવેશ :**

ફાગણ સુદ ૮ ના બુધવારે સવારે પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી** સેટેલાઈટ જૈન સંઘમાં સામૂહિક ચૈત્યવંદન કરી શ્રી આંબાવાડી જૈન સંઘમાં પધાર્યા. સેટેલાઈટ સંઘના ટ્રસ્ટીઓએ ફરી પાછા સંઘમાં વહેલા પધારવાની આગ્રહભરી વિનંતી કરી. V.S.G. ના યુવાનોએ પૂજ્યો સાથે પ્રથમ વિહાર કરી ગ્રુપનું ઉદ્‌ઘાટન કર્યું.

પૂજ્યશ્રીની ફાગણ વદ અમાસ સુધી પ્રાયઃ આંબાવાડીમાં સ્થિરતા થશે.

**શેષ-અશેષ :**

- મહા વદ તેરસના સવારે ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં **ગચ્છાધિપતિશ્રી**ના આશીર્વાદથી પૂજ્ય આચાર્ય**શ્રી મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**નું પ્રવચન ગોઠવાયેલ. જૈન-અજૈનોએ સારી સંખ્યામાં લાભ લીધેલ. પૂજ્યશ્રીએ પાઠશાળા માટે પ્રેરણા કરતાં સારી રકમનું ભંડોળ થયેલ.
- ફાગણ સુદ ૪ ના પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી,** પૂજ્ય આચાર્ય**શ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ** આદિ ઠાણા કંચનભૂમિ, મહોદયધામ, પ્રહલાદનગર આદિ અનેક સ્થાને ચૈત્યપરીપાટી તેમજ પૂજ્ય પંન્યાસ**શ્રી વજ્રસેનવિજયજી મહારાજ**ને સાતા પૂછવા પધારેલ.
- પૂજ્ય આચાર્ય**શ્રી ૐકાર સૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના સમુદાયના પૂજ્ય આચાર્ય**શ્રી યશોવિજય-રાજપુન્ય-ભાગ્યેશવિજય સૂરિ મહારાજ** આદિ પૂજ્યો પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી**ના દર્શનવંદન તેમજ સુખશાતા પૃચ્છાર્થે પધારેલ.
- સેટેલાઈટ સંઘમાં રાત્રિ પ્રવચન દરમિયાન પૂજ્ય આચાર્ય**શ્રી મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની પ્રેરણા થતાં વિહાર સેવા ગ્રુપની સ્થાપના થઈ. જેમાં ૨૫ થી વધુ યુવાનોએ જોડાઈ પૂજ્યોને સરખેજ, બોપલ તેમજ ઓગણજ તરફ વિહાર ભક્તિ કરવાનું નક્કી કરેલ.
- ચૈત્ર સુદ ૭ ના મંગળવારે શ્રી કંચનભૂમિ જિનાલયની સાલગીરી નિમિત્તે પૂજ્ય પંન્યાસ**શ્રી પ્રશાંતવલ્લભવિજયજી મહારાજ** પધારેલ, ચોકસીપાર્ક જિનાલયની સાલગીરી નિમિત્તે પૂજ્ય મુનિ**શ્રી કૃપાબિંદુ વિજયજી મહારાજ** પધારેલ.

### શ્રી સંઘમાન્ય જિનાજ્ઞા પંચાંગ
### વિ.સં. ૨૦૭૨ ઈ.સ. ૨૦૧૬

**ફાગણ-૨૯**
**૧૦ માર્ચ થી ૭ એપ્રિલ**

**• સુદ •** ૧ ક્ષય

| તિથી | વાર | તા. |
|---|---|---|
| ૨ | ગુરુ | ૧૦ |
| ૩ | શુક્ર | ૧૧ |
| ૪ | શનિ | ૧૨ |
| ૫ | રવિ | ૧૩ |
| ૬ | સોમ | ૧૪ |
| ૭ | મંગળ | ૧૫ |
| ૮ | બુધ | ૧૬ |
| ૯ | ગુરુ | ૧૭ |
| ૧૦ | શુક્ર | ૧૮ |
| ૧૧ | શનિ | ૧૯ |
| ૧૨ | રવિ | ૨૦ |
| ૧૩ | સોમ | ૨૧ |
| ૧૪ | મંગળ | ૨૨ |
| ૧૫ | બુધ | ૨૩ |

**• વદ •** ૬ વૃદ્ધિ ૧૦ ક્ષય

| તિથી | વાર | તા. |
|---|---|---|
| ૧ | ગુરુ | ૨૪ |
| ૨ | શુક્ર | ૨૫ |
| ૩ | શનિ | ૨૬ |
| ૪ | રવિ | ૨૭ |
| ૫ | સોમ | ૨૮ |
| ૬ | મંગળ | ૨૯ |
| ૬ | બુધ | ૩૦ |
| ૭ | ગુરુ | ૩૧ |
| ૮ | શુક્ર | ૧એ. |
| ૯ | શનિ | ૨ |
| ૧૧ | રવિ | ૩ |
| ૧૨ | સોમ | ૪ |
| ૧૩ | મંગળ | ૫ |
| ૧૪ | બુધ | ૬ |
| ૩૦ | ગુરુ | ૭ |

સુદ-૧૩, સોમઃ છ ગાઉ યાત્રા તથા પૂ.આ. ધર્મ સૂ.મ. સ્વર્ગતિથિ
સુદ-૧૪, મંગળઃ ચોમાસી ચૌદશ
વદ-૮, શુક્રઃ વર્ષીતપ પ્રારંભ તથા પૂ.આ.રામ સૂ.મ. સ્વર્ગતિથિ

**રોહિણી :** સુદ-૭, મંગળ
**પુષ્ય :**
તા.૧૮ માર્ચ, ૦૮.૩૫ થી
તા.૧૯ માર્ચ, ૦૯.૫૧
**વિંછૂડો :**
તા.૨૭ માર્ચ, ૨૪.૨૪ થી
તા.૩૦ માર્ચ, ૧૧.૪૯
**પંચક :**
તા.૧૧ માર્ચ, ૧૫.૪૩ સમાપ્ત
તથા તા.૩ એપ્રિ.૨૪.૧૫ થી
તા.૭ એપ્રિ. ૨૬.૨૨
**કુંભ ચક્ર :**
તા.૧૩ માર્ચ, ૧૧.૦૯ થી
તા.૨૨ માર્ચ, ૧૬.૨૦ તથા
તા.૧ એપ્રિ., ૧૪.૧૭ થી
તા.૬ એપ્રિ., ૨૯.૨૧

શુભ દિન

# સમાચાર દર્પણ

## સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબની શુભનિશ્રામાં રાજનગરમાં થયેલ શાસન પ્રભાવનાના અનુમોદનીય સમાચાર

**સેટેલાઈટ જૈન સંઘ :**

સુવિશાલ ગચ્છાધિપતિ સિદ્ધાંત દિવાકર પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબે** સેટેલાઈટ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં મહા સુદ ૧૪ થી ફાગણ સુદ ૭ સુધી દીર્ઘકાલીન સ્થિરતા કરી. વૈરાગ્ય દેશનાદક્ષ પૂજ્ય આચાર્ય**શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ**નું પણ સાંનિધ્ય પ્રાપ્ત થયું. રોજ સવારે શ્રી સંઘમાં ૯-૧૫ થી ૧૦-૧૫ પૂજ્ય આચાર્ય**શ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પૂજ્ય આચાર્ય**શ્રી મહાબોધિ સૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના પ્રવચનો થયા. સાથે રાત્રિ પ્રવચનો પણ થયા.

**યુથ શિબિર :**

મહા વદ-બારસ, રવિવાર તા. ૬-૩-૧૬ના સવારે ૯-૩૦ થી ૧૨-૩૦ સુધી ૧૫ થી ૪૦ વર્ષના યુવક-યુવતી માટે યુથશિબિરનું આયોજન થયું. આ શિબિરમાં પૂજ્ય આચાર્ય**શ્રી મહાબોધિસૂરિ મહારાજ સાહેબે** 'નો ટેન્શન' વિષય પર પ્રવચન આપતાં અભ્યાસ, બિઝનેશ, રિલેશન અને સ્વાસ્થ્યમાં જ્યારે તણાવ ઉત્પન્ન થાય...ત્યારે કઈ રીતે માર્ગ કાઢવો તેનું સુંદર માર્ગદર્શન આપેલ. મધુર હોલમાં ગોઠવાયેલ આ શિબિરમાં ૧૨૦૦થી વધુ યુવાનોએ લાભ લીધેલ. શિબિર બાદ શ્રી પુરુષાદાનીય શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા સાધર્મિક ભક્તિનું આયોજન થયેલ.

**ત્રિદિવસીય મહોત્સવ :**

સરળ સ્વભાવી પૂજ્ય સાધ્વી**શ્રી ઉજ્જવલધર્માશ્રીજી**ના સંયમ જીવનના ૫૦ વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે શ્રી સંઘમાં ગુરુભક્ત પરિવાર તરફથી ત્રિદિવસીય મહોત્સવનું ફાગણ સુદ ૪ થી આયોજન થયેલ. પ્રથમ દિવસે સવારે ૬-૩૦ થી ૮-૩૦ સુધી પ્રભુમિલનનું સંગીતમય અનુષ્ઠાન ગોઠવાયું. ત્યારબાદ પધારેલ સહુની નવકારશી ભક્તિ થઈ. બપોરે સૌથી વધુ સંખ્યામાં શ્રી સંઘમાં સામુહિક આયંબિલ થયા. સહુને ૫૦ રૂપિયાની પ્રભાવના થઈ. બપોરે ૨-૩૦ કલાકે બેનોની સાંજી થઈ.

રવિવારે ફાગણ સુદ ૫ના સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ દરમિયાન મહાવ્રત વંદનાનું આયોજન થયું. પાંચ મહાવ્રત ઉપર વિસ્તારથી પૂજ્ય આચાર્ય**શ્રી જયસુંદર સૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પૂજ્ય આચાર્ય**શ્રી મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**નું પ્રવચન થયું. વચ્ચે વચ્ચે **હાર્દિક શાહે** સુંદર ગીતો ગાયા. પ્રસંગ દરમિયાન શ્રી ભુવનભાનુ એન્સાયક્લોપિડિયાના ૮૦ માં ભાગનું વિમોચન થયું. પ્રસંગને અંતે જીવદયા, અનુકંપા તેમજ શ્રી સંઘના સાધારણ ખાતામાં ગુરુભક્તો તરફથી મોટી રાશિ જાહેર કરવામાં આવી. અંતમાં પધારેલ સહુની સાધર્મિક ભક્તિ થઈ. બપોરે ૨-૩૦ કલાકે સાંજીના ગીતો ગવાયા. સાંજે પરમાત્માના જિનાલયની ભવ્યાતિભવ્ય મહાપૂજા થઈ. પ્રત્યેક પરમાત્માનો ભવ્ય શણગાર કરવામાં આવેલ. મોડી સાંજ સુધી પ્રભુના દર્શનાર્થે ભક્તોની અવર-જવર રહી. મહોત્સવના ત્રીજા અને અંતિમ દિવસે સવારે સામુહિક ચૈત્યવંદન બાદ પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી**ની પાવન

(અનુસંધાન પાના નં. ૮૩ ઉપર)

# તારક જિનાજ્ઞા

- **અણુવકયપરાણુગ્ગહપરાયણા, જં જિણા જગપ્પવરા ।**
  **જિયરાગદાસમોહા ય, ણઽણ્ણહાવાદિણો તેણં ॥**

ચરાચર જગતમાં શ્રેષ્ઠ શ્રી જિનેશ્વરભગવંતો, ઉપકાર ન કર્યો હોય એના પર પણ ઉપકાર કરવામાં તત્પર છે અને રાગ-દ્વેષ-મોહને જીતી લીધા છે તેથી તેઓ અસત્યભાષી હોય નહીં.

**(ધ્યાનશતક-૪૯)**

- **સુત્તે અત્થે ય તહા, ઉસ્સગ્ગવવાય ભાવ વવહારે ।**
  **જો કુસલત્તં પત્તો, પવયણકુસલો તઓ છદ્ધા ॥**

સૂત્ર, અર્થ, ઉત્સર્ગ, અપવાદ, ભાવ અને વ્યવહાર એ છ બાબતમાં જે કુશલપણું પામેલો હોય તેવો શ્રાવક પ્રવચનકુશળ કહેવાય છે.

**(ધર્મરત્ન પ્રકરણ-૫૨)**

- **રાગદ્દોસારીણં, હંતા કમ્મટ્ઠમાઇ અરિહંતા ।**
  **વિસયકસાયારીણં, અરિહંતા હુંતુ મે સરણં ॥**

રાગ અને દ્વેષરૂપી શત્રુઓને હણનાર, આઠ કર્માદિક શત્રુના હણનારા, તથા વિષય-કષાયાદિક શત્રુઓનો નાશ કરનાર એવા અરિહંત ભગવાનનું મને શરણ હો. **(ચતુઃશરણ પ્રકીર્ણક-૧૩)**

- **લોકમાત્રપ્રમાણો હિ, નિશ્ચયે ન હિ સંશયઃ ।**
  **વ્યવહારે દેહમાત્રઃ, કથિતઃ પરમેશ્વરઃ ॥**

નિશ્ચય નયે કરી આ આત્મા લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશવાળો છે, એમાં કોઈ સંશય નથી અને વ્યવહાર નયે કરી આ આત્મા પોતાના દેહની અવગાહના પ્રમાણે પરમેશ્વરરૂપ કહેવામાં આવેલો છે.

**(પરમાનંદ પચ્ચીશી-૧૪)**

## ભુવનભાનુનાં અજવાળાં

**સહિષ્ણુતા એટલે આવી પડેલ પ્રતિકૂળતા શાન્ત મનથી અને ઉદાર દિલથી સહી લેવી તે.**

સૌજન્ય

**સમાજ ભૂષણ શ્રી બાબુભાઈ પી. સંઘવી**
**કે. પી. સંઘવી - સુરત/માલગામ, મુંબઈ**

## જિનશાસનનો જયઘોષ

**આરાધક આત્માનો તમામ જીવન વહેવાર વિવેક અને ઉપયોગ પૂર્ણ હોય છે.**

સૌજન્ય

**સમાજ ભૂષણ શ્રી બાબુભાઈ પી. સંઘવી**
**કે. પી. સંઘવી - સુરત/માલગામ, મુંબઈ**

FROM :
તારક જિનાજ્ઞા
C/o. દિવ્ય દર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી,
ધોળકા. જિ. અમદાવાદ.
PIN : 382225. (ગુજરાત)

BOOK-POST

TO,

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : દિવ્ય દર્શન ટ્રસ્ટ-કુમારપાળ વિ. શાહ**-૩૯, કલિકુંડ સોસાયટી, **કલિકુંડ, ધોળકા.** જિ. અમદાવાદ. PIN : 382225.
**મુદ્રણ સ્થાન :** બ્રિજેશ પ્રિન્ટીંગ પ્રેસ - એસ.ટી.સ્ટેન્ડ પાસે, મલાવ રોડ, ધોળકા. જિ. અમદાવાદ.